RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 104* Date: 10.02.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યસભામાં ૪ સાંસદોના વિદાય પ્રસંગે વડાપ્રધાને સંબોધન કર્યું

# વડાપ્રધાન અમરનાથ યાત્રા દરમ્યાન થયેલ આતંકી હુમલાને યાદ કરી રડી પડ્યા



ન્યુ દિલ્હી,તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજયસભામાં ૪ રાજયસભાના સાંસદોના વિદાય ભાષણ આપી રહ્યાં હતાં. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદના ભારોભાર વખાણ કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતની એક પ્રવાસીઓ ભરેલી બસ પર થયેલા એક આતંકવાદી હુમલાને યાદ કરતા રીતસરના રડી પડ્યાં હતાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આતંકી ઘટના ઘટી ત્યારે ગુલામ નબી આઝાદે રાજનીતિથી ઉપર ઉઠીને કઈ કઈ રીતે મદદ કરી તેને લઈને આખી કહાની સંભળાવી હતી. આ દરમિયાન અનેકવાર પીએમ મોદી સદનમાં રીતસરના રડી પડ્યાં હતાં.

પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદ દળની સાથો સાથ દેશની પણ ચિંતા કરે છે. તેમની જગ્યા ભરવી કોઈ પણ માટે મુશ્કેલ છે. જયારે હું ચૂંટણીની રાજનીતિમાં નહોતો ત્યારે ગુલામ નબી આઝાદ અને અમે એકવાર લોબીમાં વાતચીત કરી રહ્યાં હતાં. ત્યારે નજર ટાંપીને બેઠેલા મીડિયાકર્મીઓને આઝાદે મજેદાર જવાબ આપ્યો હતો.

આ દરમિયાન તેમણે અમરનાથની યાત્રાએ જઈ રહેલી ગુજરાતના તીર્થયાત્રીઓથી ભરેલી એક બસ પર જમ્મુ-કાશ્મીર થયેલા આતંકી હુમલાની ઘટનાને યાદ કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, આ આતંકી ઘટનાને લઈને ગુલામ નબી આઝાદ સાથે મારી ફોન પર વાતચીત થઈ હતી. આ વાત કરતાની સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા હતાં. તેમણે આઝાદના વખાણ કરતા કહ્યું હતું કે, એક મિત્રના રૂપમાં ગુલામ નબી આઝાદને ક્યારેય નહીં ભુલી શકું.

પીએમ મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા ઘણી વધારે હોય છે. પરંતુ એક વાર ગુજરાતના પ્રવાસીઓની એક બસ પર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૮ લોકોના મોત થયા હતાં. ત્યારે ગુલામ નવી આઝાદનો મારા પર ફોન આવ્યો હતો. આ કહેતા જ પીએમ મોદીનું ગળુ ભરાઈ ગયુ હતું. તેમણે રૂંધાયેલા સ્વરે વાત આગળ ધપાવતા કહ્યું હતું કે, આઝાદનો આ ફોન માત્ર ઘટનાની સૂચના આપવા માટે નહોતો. એ રાત્રે તેમણે મને ફોન કર્યો અને તેમણે પરિવારની ચિંતા કરે તે પ્રકારની ચિંતા કરી હતી. પદ અને સત્તા તો જીવનમાં આવતી જતી

## પદ અને સત્તા તો જીવનમાં આવતી જતી રહે છે પણ તેને કેવી રીતે પચાવવી તે આઝાદ પાસેથી શિખવું જોઇએઃ મોદી

રહે છે પણ તેને કેવી રીતે પચાવવી તે આઝાદ પાસેથી શિખવું જોઈએ તેમ રૂંધાયેલા સ્વરે પીએમ મોદીએ ઈશારો કરીને કહી સંભળાવ્યુ હતું.

તેમણે કહ્યું હતું કે, આ મારા માટે ખુબ જ ભાવુક ઘડી હતી. ગુલામ નબી જયારે મારી સાથે ફોન પર આ આતંકી ઘટનાની વાત કરી રહ્યાં હતાં ત્યારે તેમના આંસુ અટકવાનું નામ જ નહોતા લેતા.

પીએમ મોદીએ આ ઘટનાને યાદ કરતા કહ્યું હતું કે, જ્યારે આ ઘટના ઘટી ત્યારે પ્રણવ મુખરજી દેશના રાષ્ટ્રપતિ હતાં. તેમણે સેના દ્વારા એક હવાઈ જહાંજની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થા મૃતકોના મૃતદેહ લાવવા માટેની હતી. આ દરમિયાન ગુલામ નબી આઝાદે એરપોર્ત પરથી જ ફોન કર્યો હતો. તેમણે કોઈ જાણે કે કોઈ પોતાના પરિવારની ચિંતા કરતુ હોય તેવી રીતે આ ઘટનાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. આમ કહેતા જ પીએમ મોદી રડી પડ્યા હતાં. તેનો અનેકવાર બોલવાના પ્રયાસ કર્યા પણ રડવાના કારણે તેઓ બોલી શકતા નહોતા. વારંવાર પાણી પી ને તેઓ પોતાનું ભાષણ આગળ વધારવાનો પ્રયાસ કરતા હતાં પરંતુ પીએમ એ હદે ભાવુક થઈ ગયા હતાં કે, કંઈ જ બોલી શકતા નહોતા. અનેકવાર તો તેમણે ઈશારા દ્વારા પોતાની વાત કહેવી પડી હતી. પીએમ મોદી ભાવુક થતા ખુદ ગુલામ નબી આઝાદ પણ ગળગળા થઈ ગયા હતાં. આ પળે આખી રાજયસભાનો માહોલ ગમગીન બની ગયો હતો. ઉપલા ગૃહમાં હાજર તમામ સાંસદોના ચહેરા ધીર ગંભીર બની ગયા હતાં અને સદનમાં સન્નાટો છવાઈ ગયો હતો.

### વડાપ્રધાન મોદીએ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ બાઈડેન સાથે વાત કરી

## બાઈડન, ફર્સ્ટ-લેડીને ભારત આવવાનું વડાપ્રધાન મોદીએ આપ્યું આમંત્રણ

ન્યુ દિલ્હી,તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી. જો બાઈડેનના રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તેમની પહેલી વાતચીત હતી. આ વાતની માહિતી પીએમ મોદીએ ટ્વીટ કરી આપી. પીએમ મોદીએ પોતાની ટ્વીટમાં કહ્યું કે તેમણે સૌથી પહેલાં જો બાઈડેનને રાષ્ટ્રપતિ બનવાની શુભકામનાઓ પાઠવી. તેમણે ક્ષેત્રીય બાબતો પર વાતચીત કરી.

આપને જણવી દઈએ કે પીએમ મોદીએ ટ્વીટ કરી માહિતી આપી કે તેમણે જો બાઈડેન સાથે ફોન પર વાત કરી. પીએમ મોદીએ ટ્વીટમાં લખ્યું કે મેં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી અને તેમને સફળતા માટે શુભકામનાઓ પાઠવી. અમે ક્ષેત્રીય સહયોગ અને પ્રાથમિકતાઓ પર ચર્ચા કરી. અમે જળવાયુ પરિવર્તનની વિરૂદ્ધ સહયોગ વધારવા પર પણ સહમત થયા છીએ.

પીએમ મોદીએ આ સિવાય બીજી એક ટ્વીટ કરી જેમાં તેમણે લખ્યું કે હું અને રાષ્ટ્રપતિ જો બાઈડેન દુનિયામાં નિયમ-કાયદા આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના પક્ષધર છીએ. અમે હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાને વધારવા માટે પોતાની રણનીતિ ભાગીદારીને વધુ મજબૂત કરવા તરફ જોઇ રહ્યા છીએ.

આપને જણાવી દઈએ કે આની પહેલાં અમેરિકાના વિદેશ મંત્રીએ નવી સરકારની રચના બાદ તમામ દેશોમાં પોતાના સમકક્ષો સાથે વાતચીત કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના નવા પ્રમુખ બનેલા જૉ બાઈડન અને એમના પત્ની ફર્સ્ટ લેડી ડો. જિલ બાઈડનને એમના શક્ય એટલા વહેલા અને અનુકૂળ સમયે ભારતની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું છે. મોદીએ આ આમંત્રણ બાઈડન સાથે ગઈ કાલે ટેલીફોન પર થયેલી સત્તાવાર વાતચીત દરમિયાન આપ્યું હતું. પ્રમુખ તરીકે સફળતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા મોદીએ બાઈડનને આપી હતી.

### દીપ સિધુ છેવટે ૧૫ દિવસ બાદ પોલીસના હાથે ઝડપાયો

## ૨૬ જાન્યુઆરી લાલ કિલ્લા કાંડનો આરોપી દીપ સિદ્ધુ પકડાયો



ન્યુ દિલ્હી,તા.૯

૨૬મી જાન્યુઆરીએ દેશના ગણતંત્ર દિવસ પર રાજધાની દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ઐતિહાસિક એવા લાલ કિલ્લા પર તિરંગાના બદલે એક ધાર્મિક ધ્વજ ફરકાવવાની ઘટનાના મુખ્ય આરોપી દીપ સિદ્ધૂની ધરપકડ કરવામાં આવી છે. દીપ સિદ્ધુ પર પોલીસે ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દીપ સિદ્ધુની ધરપકડ કરી હતી. દીપ સિદ્ધુ લાલ કિલ્લાની ઘટના બાદથી જ ફરાર હતો. જોકે આ દરમિયાન પણ તે નિયમિત પણે સોશિયલ મીડિયા પર સક્રિય રહેતો હતો. સિદ્ધુના આ વીડિયો અમેરિકામાંથી એક મહિલા પોસ્ટ કરતી હોવાની પણ દિલ્હી પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી.

દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાની ઘટનાના આશરે ૧૫ દિવસ ફરાર રહ્યાં બાદ દીપ સિદ્ધુ મંગળવારે વહેલી સવારે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના હાથે ચડ્યો. જોકે હજી સુધી તે સ્પષ્ટ નથી થઇ શક્યું કે દીપ સિદ્ધુની ધરપકડ

### ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા પર થયેલા તોફાનો બાદ ફરાર દીપને પકડવા પોલીસે રૂ. ૧ લાખનું ઈનામ જાહેર કર્યું હતું

ક્યાંથી કરવામાં આવી હતી.

ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં યોજાયેલી ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં અચાનક હિંસા ભડકી ઉઠી હતી. ત્યાર બાદ દિલ્હીના રસ્તા પર ઉગ્ર બનેલા ખેડૂતોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ખેડૂતોનું એક મોટુ જૂથ આ હિંસક ઘટનાઓનો વિરોધ કરી રહ્યું છે અને તેનો આરોપ કેટલાંક લોકો પર લગાવવામાં આવી રહ્યો છે. તેવામાં ખેડૂત નેતાઓએ દીપ સિદ્ધુ પર ખેડૂતોને ભડકાવવા અને હિંસા ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ત્યાર બાદ દીપ સિદ્ધુએ ફેસબુક પર આવીને કહ્યું હતું કે, અમે પ્રદર્શનના પોતાના લોકતાંત્રિક અધિકાર અંતર્ગત નિશાન સાહિબનો ઝંડો લાલ કિલ્લા પર ફરકાવ્યો પરંતુ ભારતીય ધ્વજને હટાવવામાં નથી આવ્યો.

દીપ સિદ્ધૂનો જન્મ ૧૯૮૪માં પંજાબના મુક્તસર જિલ્લામાં થયો હતો. તેણે આગળ લૉનો અભ્યાસ કર્યો હતો. કિંગફિશર મૉડેલ હંટ અવોર્ડ જીતવા પહેલા તે કેટલાક દિવસ બારનો સભ્ય પણ રહી છુક્યો છે. વર્ષ ૨૦૧૫માં દીપ સિદ્ધૂની પહેલી પંજાબી ફિલ્મ 'રમતા જોગી' રીલીઝ થઈ હતી. જો કે તેને પ્રસિદ્ધિ વર્ષ ૨૦૧૮માં આવેલી ફિલ્મ જોરા દાસ નુમ્બરિયાથી મળી હ અતી જેમાં તે ગેંગસ્ટરના રોલમાં નજરે પડ્યો હતો.

સિદ્ધુને ઝડપી પાડવા માટે દિલ્હી પોલીસની ટીમોએ પંજાબમાં અનેક ઠેકાણે કાર્યવાહી કરી રહી હતી. પરંતુ તે પોતાના ફેસબુક પેજ પર વીડિયો અપલોડ કરતો હતો જેમાં તે પંજાબીમાં વાત કરતા પોતાને નિર્દોષ ગણાવતો હતો. એક વીડિયોમાં તેણે કહ્યું હતું કે, મેં મારી આખી જીંદગી પાછળ છોડી દીધા બાદ પણ પંજાબીઓને તેમના વિરોધમાં સાથ આપવા માટે આવ્યો છું. કોઈ કંઈ જોયુ નથી પણ મને ગદ્દાર ગણાવી દેવામાં આવ્યો છે.

દીપ સિદ્ધૂ અને તેના ભાઈ મનદીપને રાષ્ટ્રીય તપાસ એજન્સીએ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું હતુ. દીપ સિદ્ધુ ખેડૂત આંદોલન સાથે જોડાયેલો છે અને પ્રદર્શનકારી ખેડૂતોનું સમર્થન કરી રહ્યો છે. એનઆઈએના ઑફિસરે બંને ભાઈઓની શીખ ફૉર જસ્ટિસ નામના અલગાવવાદી સંગઠન વિરુદ્ધ દાખલ એક કેસ અંગે પૂછપરછ કરી હતી. ત્યારે દીપ સિંહ સિદ્ધૂએ કહ્યું હતું કે તેને શીખ ફૉર જસ્ટિસ નામના કોઇ સંગઠન સાથે કોઇ લેવા દેવા નથી. તેમણે કહ્યું કે એનઆઈએ દ્વારા સમન મોકલીને કેન્દ્ર ખેડૂતોનો સાથ આપી રહેલા લોકોને ધમકાવવા ઇચ્છે છે.

## ચીનના વુહાનથી આખી દુનિયામાં ફેલાયો હતો કોરોના વાયરસઃ WHO

જિનિવા,તા.૯

વૈશ્વિક કોરોના મહામારીના જડ સુધી પહોંચવા માટે તપાસ અર્થે ચીનના વુહાન શહેર પહોંચેલી વિશ્વ સ્વાસ્થ સંગઠનની ટીમે મહત્વનો ખુલાસો કર્યો છે. WHOની ટીમનું કહેવુ છે કે, આ વાતના સ્પષ્ટ પૂરાવા મળ્યા છે કે, ચીનના વુહાનમાં સ્થિત મિટ માર્કેટથી જ કોરોના વાયરસ બહારની દુનિયામાં ફેલાયો હતો.

વિશ્વ સ્વાસ્થ સંગઠનના બેન એમ્બાર્કનું કહેવુ હતું કે ટીમને ડિસેમ્બર ૨૦૧૯થી પહેલા વુહાન કે અન્ય કોઇ સ્થળે કોરોના વાયરસ સંક્રમણના પૂરાવા મળ્યા ન હતા, પરંતુ ટીમને ડિસેમ્બર ૨૦૧૯માં વુહાન હુઆનન માર્કેટથી વાયરસ સંક્રમણ બહારની દુનિયામાં ફેલાયુ હોવાના પૂરાવા મળ્યા હતા. બેનનું કહેવુ હતું કે આ વુહાન ઈન્વેસ્ટિગેશનમાં નવી જાણકારીઓ સામે આવી હતી, પરંતુ વાયરસ સંક્રમણને લીધે વર્તમાન પરિસ્થિતિઓમાં કોઈ નાટકીય ફેરફાર આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસ સંક્રમણ ફેલાવાના શરુઆતમાં જ એવા અનુમાન લગાવવામાં આવ્યા હતા કે આ મહામારી ચીનમાંથી ઉદભવી અને આખા વિશ્વમાં ફેલાઈ હતી. ડિસેમ્બર ૨૦૧૯માં વુહાનમાં કોરોના વાયરસ સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો હતો, જે પછી ચીનમાં ફેલાયો હતો અને ગણતરી દિવસોમાં મોટાભાગના દેશોમાં ફેલાઇ ગયો હતો. કોરોના મહામારીને લીધે મોટાભાગની અર્થવ્યવસ્થાઓ પડી ભાંગી છે, જે હવે ધીમે ધીમે ઉભરી રહી છે. આશરે ૧ વર્ષ સુધી લોકડાઉન જેવા ગંભીર હાલાતો સામે ઝઝૂમી રહેલી દુનિયાએ એ સમયે કોરોના મહામારીને ચીનને જવાબદાર ઠેરવ્યું હતું. જોકે ચીન એ સમયથી કોરોના મહામારીના ઉદભવ અને ફેલાવા માટે પોતાને જવાબદાર નથી માનતુ. તે પહેલેથી આ મુદ્દાને નકારતું આવ્યું હતું.

### ન્યૂઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યાઃ૨૩૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૬૩૫૬૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુઃ ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૩૫૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૫૭૫૭૩

## શહતૂત ડેમ પર ભારત-અફઘાન વચ્ચે સંધિ, અફઘાને ભારતનો આભાર માન્યો

ન્યુ દિલ્હી,તા.૯

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મંગળવારે યોજાયેલી વર્ચુઅલ સમિટમાં મહત્વની સંધિ થઇ હતી. જે હેઠળ ભારત અફઘાનની રાજધાની કાબૂલની નદી પર શહતૂત ડેમનું નિર્માણ કરશે, જેથી લોકોને સરળતાથી સ્વચ્છ પેયજળ અને સિંચાઇ માટે પાણી મળી રહે. આ માટે ભારત અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીઓએ સૈં સાઇન કર્યા હતા.

બંને દેશો વચ્ચે થયેલી મહત્વની સંધિને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે દેશને આ વાતથી ખુશી છે કે શહતૂત ડેમ નિર્માણથી કાબૂલમાં લોકોને પેયજળ અને સિંચાઇ માટે પાણીની સગવડ મળશે. તેમણે જણાવ્યું કે વિતા ૨૦ વર્ષથી ભારત અને અફઘાનિસ્તાન વિકાસના પ્રમુખ ભાગીદારો રહ્યા, ખેતી, સ્વાસ્થ, શિક્ષણ જેવા અનેક સેક્ટર્સમાં અમારી યોજનાઓ ફેલાઇ છે અને અન્ય પરિયોજનાઓથી બંને દેશો વચ્ચે મૈત્રી સંબંધ મજબૂત બન્યો છે. અફઘાનના રાષ્ટ્રપતિ ગનીએ પણ આ સંધિ પર ખુશી જાહેર કરી હતી. તેમણે કોરોના વેક્સીન અને ડેમ નિર્માણ માટે વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. આ વર્ચુઅલ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની સહિત બંને દેશોના વિદેશ મંત્રીઓએ હિસ્સો લીધો હતો. સંધિ હેઠળ ડેમ નિર્માણથી કાબૂલમાં ૨૦ લાખથી વધુ લોકોને પીવાના પાણીની સગવડ મળશે અને ખેતી માટે પૂરતુ પાણી મળશે.

## તંત્રી સ્થાનેથી...

## સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ- કૉંગ્રેસમાં મોટો હોબાળો કેટલાનુ ભાવિ ડૂબાડશે.....?

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની દુદુભીઓ વાગવાની શરૂ થઈ ગઈ છે. અને તેમાં પણ રાજ્યની મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસ પક્ષ પોતાની જીતની દાવેદારીઓ કરી રહ્યા છે. આ વખતે રાજ્યની મનપાની સ્થાનિક ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી અને એઈમ્સ પાર્ટીએ પણ ઝંપલાવવા સાથે જનતા પરિષદ પાર્ટીએ તેમજ એનસીપીએ પણ પોતાના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. પરંતુ ગુજરાતમાં જે પરંપરા વર્ષોથી ચાલી આવે છે જેમાં મતદારો ભાજપ અને કૉંગ્રેસને મહત્વ આપતા રહ્યા છે. જ્યારે કે અન્ય પક્ષોને મહત્વ આપતા જ નથી.....!કદાચ આપે તો થોડા સમય માટે... જે એક હકીકત છે.... ગુજરાતમાં અગાઉના સમયમાં સામ્યવાદી પક્ષ, સમાજવાદી પાર્ટી, સ્વતંત્ર પક્ષ, કીમલોપ,જનસંઘ,બસપા,રાજપા જેવા અનેક પક્ષો ચૂંટણી મેદાનમાં આવી ગયા તેઓમાં મોટા ભાગના ઉમેદવારોની ડીપોઝીટ મતદારોએ જપ્ત કરાવીને સરકારને ચૂંટણી ખર્ચમાં ફાયદો કરાવી આપ્યો છે. તો મોટા ભાગના પક્ષોનો સફાયો પણ કરી નાખ્યો છે કે થઈ ગયો છે.અત્યારે ગુજરાતમા ભાજપ અને કૉંગ્રેસ પક્ષ ચૂંટણી મેદાનમાં નગારા વગાડતા જોવા મળી રહ્યા છે. પરંતુ બંને પક્ષમાં વિવિધ કારણોને લઇને મોટો હોબાળો કે બળવાખોરી થઈ છે. અને તેનો લાભ લેવા કેજરીવાલની પાર્ટી આપ અને ઓવૈસીની એઆઈએમઆઈએમ પાર્ટીએ ચૂંટણી મેદાનમાં આવી અને પક્ષના નેતાઓને ગુજરાતમાં બોલાવી રોડ શો કરવા સાથે જાહેર સભાઓ પણ યોજી જેમાં સુરત અને અમદાવાદમાં આપ ના રોડ શો અને સભાને મોટી સફળતા મળી. જ્યારે ઓવૈસીના પક્ષને જોઈએ તેટલો આવકાર ન મળ્યો પરંતુ બંને પક્ષ અને જનતા પરિષદ ભાજપ-કૉંગ્રેસને નુકસાન કરી શકે તેવી ધારણા રાજકિય પંડિતોમા ફરી વળી છે. પરંતુ ભાજપ- કૉંગ્રેસમા પોતાના જ પોતાનાનેશહરાવશે તેવો ડર પેસી ગયો છે......!!**

**અમદાવાદ, રાજકોટ, સુરત, જામનગર મનપાના ઉમેદવાર પસંદગી બાબતે ભાજપ અને કૉંગ્રેસ બંને પક્ષમાં ભારે ઊહાપોહ થયો હતો. જેમાં દરેક ચૂંટણીમાં પ્રદેશ કૉંગ્રેસ કાર્યાલય ખાતે ભારે વિરોધ અને ધમાલ થતાં રહેતા અને પોલીસને સુરક્ષા લેવી પડતી એ જ રીતે આ વખતે બંને પક્ષ ભાજપ-કોગ્રેસમાં મોટો હોબાળો થયો છે અને બંને પક્ષોના કાર્યાલયો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો છે. ભાજપાએ ઉમેદવાર પસંદગી બાબતનો જે નિર્ણય કર્યો તેનો અમલ કરી બતાવ્યો.... પરંતુ અમદાવાદમાં બે ત્રણ વોર્ડમાં પક્ષપલટુઓની ટિકિટો ફાળવી તો નેતાઓના સગાને અમદાવાદ અને જામનગરમાં ટિકીટો ફાળવી અને વર્ષોથી પક્ષ માટે કાર્ય કરતા હતા તેઓને પડતા મુકવામા આવતા મોટો ઉહાપોહ થઈ ગયો...જ્યારે કે કૉંગ્રેસમાં કૉંગ્રેસનેજ ખતમ કરવાવાળા બેઠા હોય તેવી સ્થિતિ બની છે...જેમા સ્થાનિક નેતાઓએ ટિકીટો વહેંચી નહીં પણ વેચી હોવાના નેતાઓ પર આક્ષેપો કરવા સાથે સ્વરૂપવાન મહિલાઓની પસંદગી કરી છે તેમજ પૈસા લઈને ટિકીટો આપી હોવાના નામ જોગ આક્ષેપો કરવા સાથે મોટો ઊહાપોહ મચી ગયો ...તેમજ ખાડીયાના ધારાસભ્યને વિશ્વાસમાં રાખી ટિકીટ ફાળવણીમાં મોટો ખેલ ખેલાઈ જવાને કારણે ધારાસભ્ય ઇમરાન ખેડાવાળાએ પોતાનું રાજીનામું પ્રદેશ પ્રમુખને ધરી દેતા તેના ભારે પ્રત્યાઘાત પડ્યા છે અને ભારે હોહા મચી જવા પામ્યો છે.સુરત, રાજકોટમાં પણ આવી રીતે ભારે ઊહાપોહ થયો છે. ગુજરાતમાં પ્રથમવાર ઓવૈસીના પક્ષ એઆઈએમઆઈએમ એ કૉંગ્રેસમાંથી આવેલાને ટિકિટ આપી હતી જોકે તે માત્ર ૬ બેઠક જ લડી રહ્યો છે. જ્યારે સુરત, રાજકોટ, અમદાવાદમાં આપના ઉમેદવારોના રોડ શો ભારે આકર્ષક રહ્યા પરંતુ ઉમટી પડેલાઓના મત તેમને મળશે કે કેમ...?તે મોટો સવાલ છે....બીજી તરફ ભાજપ અને કૉંગ્રેસ બંન્ને પક્ષમાં અસંતોષ વ્યાપી ગયો છે એટલે કોનું ભાવી ડૂબી જાય કે તરી જાય તે કહી શકાય તેમ નથી......! વંદે માતરમ્**

## પેટ્રોલ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં: ત્રણ દિવસના બ્રેક બાદ ફરી વધ્યા ભાવ

ન્યુ દિલ્હી,તા.૯

ત્રણ દિવસ બાદ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર આજે વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે જ મુંબઈમાં પેટ્રોલના ભાવ ૯૩.૮૩ રુપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયો છે, જ્યારે રાજધાની દિલ્હીમાં તેના ભાવ ૮૭ રુપિયાના લેવલને વટાવી ગયો છે. આજે પેટ્રોલ અને ડીઝલ બંનેની કિંમતમાં ૩૫ પૈસાનો વધારો ઝીંકાયો છે. પેટ્રોલના ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં તે ગમે ત્યારે સેન્ચ્યુરી મારે તેવી સ્થિતિ સર્જાઈ છે.અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૮૪.૫૭ રુપિયાના અત્યારસુધીના સર્વોચ્ચ સ્તર પર પહોંચી ગયો છે, અને હવે તે ૮૫ રુપિયાનું લેવલ તોડવાની તૈયારીમાં છે. જ્યારે સુરતમાં તેનો ભાવ આજે ૮૪.૨૪ રુપિયા થયો છે. રાજકોટમાં પેટ્રોલ આજે થયેલા વધારા બાદ ૮૪.૩૫ રુપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. આજે ભાવ વધ્યા તે પહેલા છેલ્લે ૦૫ ફેબ્રુઆરીના રોજ પેટ્રોલમાં ૩૦ પૈસા વધ્યા હતા.

### પ્રથમ ટેસ્ટમાં ભારતનો ઈંગ્લેન્ડ વિરુદ્ધ શરમજનક પરાજય: સિરીઝમાં ૧-૦થી આગળ

# ચેપોકમાં 'વિરાટ સેના'નું સરેન્ડર: ઈંગ્લેન્ડનો ૨૨૭ રને વિજય

### ઈંગ્લેન્ડના ૪૨૦ રનના લક્ષ્યાંક સામે ભારત ફક્ત ૧૯૨ રનમાં જ ઓલઆઉટ, કોહલીએ સૌથી વધુ ૭૨ રન ફટકાર્યા, ગિલની ફિફ્ટી, રહાણે-પૂજારા,પંત ફ્લૉપ, ૨૨ વર્ષ બાદ ભારત ચેન્નાઈમાં હાર્યું



ચેન્નાઈ,તા.૯

જેક લીચ (૪ વિકેટ) અને જેમ્સ એન્ડરસન (૩ વિકેટ)ની શાનદાર બોલિંગની મદદથી ઈંગ્લેન્ડે મંગળવારે પહેલી ટેસ્ટના પાંચમાં અને અંતિમ દિવસે ભારતને ૨૨૭ રનના વિશાળ અંતરથી હરાવી દીધું. ભારતને ૨૨ વર્ષ બાદ ચેન્નઈમાં ટેસ્ટ મેચમાં હાર મળી. છેલ્લીવાર તે ૧૯૯૯માં પાકિસ્તાન સામે ચેપોકમાં મેચ હાર્યું હતું. જ્યારે ઈંગ્લેન્ડે ચેન્નઈમાં ભારતને ચોથી વખત હરાવ્યું છે. આ પહેલા બંને વચ્ચે અહીં ૯ ટેસ્ટ રમાઈ છે, જેમાં ભારતે ૫ અને ઈંગ્લેન્ડે ૩ મેચ જીતી જ્યારે એક મેચ ડ્રો રહી હતી. ભારતીય ટીમના બેટ્સમેનો મોટી ઈનિંગ્સ રમવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા હતા. પ્રથમ ઈનિંગ્સમાં ડબલ સેન્ચુરી ફટકારનાર જો રુટને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ભારતીય ટીમ ચાર વર્ષ બાદ ઘરેલૂ ટેસ્ટ મેચ હારી છે. આ પહેલાં ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

જણાવી દઈએ કે ટોસ જીતીને પહેલા બેટિંગનો નિર્ણય કરનાર ઈંગ્લેન્ડની ટીમે પહેલી ઈનિંગ્સમાં ૫૭૮ રન બનાવ્યા હતા. જવાબમાં ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગ્સમાં ૩૩૭ રન બનાવ્યા હતા. આવી રીતે મહેમાન ટીમને ૨૪૧ રનની લીડ મળી હતી. બાદમાં બીજી ઈનિંગ્સમાં ઈંગ્લેન્ડે ૧૭૮ રન બનાવ્યા હતા અને ભારતને ૪૨૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો.

મંગળવારે બીજા સેશનમાં ૫૮.૧ ઓવરમાં ભારતની ટીમ ૧૯૨ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. જો રૂટને મેચમાં બેવડી સદી ફટકારવા માટે મેન ઓફ ધ મેચ પસંદ કરાયો હતો. આ સાથે જ ઈંગ્લેન્ડે ચાર મેચોની સીરિઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. સીરિઝની બીજી મેચ ચેપોક સ્ટેડિયમમાં જ ૧૩ ફેબ્રુઆરીએ રમાવાની છે.

૪૨૦ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરી રહેલી ટીમ ઈન્ડિયાએ મંગળવારે ૩૯/૧ના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. પાંચમા દિવસની શરૂઆત ભારત માટે ખૂબ ખરાબ રહી. ચેતેશ્વર પુજારાને જેક લીચે સ્ટોક્સના હાથે કેચ આઉટ કરાવ્યો. શુભમન ગિલ પોતાની ત્રીજી અડધી સદી પૂરી કરી હતી, પરંતુ તે મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યો.

જેમ્સ એન્ડરસને ફરી ટીમ ઈન્ડિયાને એક બાદ એક ઝટકા આપતા ઈંગ્લેન્ડની પકડ મેચમાં મજબૂત બનાવી દીધી. એન્ડરસને સૌથી પહેલા ગિલને ક્લીન બોલ્ડ કર્યો. ગિલે ૮૩ બોલમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૫૦ રન બનાવ્યા હતા. આ બાદ અજિંક્ય રહાણે ખાતું ખોલાવી શક્યો નહોતો અને ક્લીન બોલ્ડ થયો હતો. બાદમાં એન્ડરસને રિષભ પંતને પણ કેચ આઉટ કરાવી દીધો. હવે શ્રેણીમાં કમબેક કરવું ભારત માટે મુશ્કેલ પડકાર છે. વળી, ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ પણ જોખમ હેઠળ છે.

ઈંગ્લેન્ડની ટીમે ૮ વર્ષ પછી ભારતમાં ટેસ્ટ જીતી છે. તેમણે છેલ્લે ભારતને ડિસેમ્બર ૨૦૧૨માં ઈડન ગાર્ડન્સ ખાતે માત આપી હતી. તે પછી ભારતમાં બંને દેશ વચ્ચે ૬ ટેસ્ટ રમાઈ હતી, જેમાંથી ૪ ભારત જીત્યું અને ૨ ટેસ્ટ ડ્રો રહી.

### રહસ્યમય બીમારી ફેલાતા લોકોમાં ફફડાટ

# તાન્ઝાનિયામાં લોહીની ઉલ્ટીઓથી અત્યાર સુધી ૧૫ના મોત, ૫૦ સંક્રમિત

ડોડોમા,તા.૯

તાન્ઝાનિયામાં એક રહસ્યમય બીમારી ફેલાયાના સમાચાર છે. આ અજ્ઞાત બીમારીથી પીડિત લોકોને લોહીની ઉલટીઓ થઇ અને અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે. કહેવાય છે કે અત્યાર સુધી આ બીમારીથી ૫૦ લોકો પીડિત થઇ ચૂકયા છે. આ બધાની વચ્ચે તાન્ઝાનિયા સરકારે રહસ્યમય બીમારીનો ખુલાસો કરનાર ચુન્યા જિલ્લાના ચીફ મેડિકલ ઓફિસર ફેલિસ્તા કિસાંદૂને સસ્પેન્ડ કરી દીધા છે.

કિસાંદૂએ કહ્યું હતું કે સંક્રમણની તપાસ માટે લોહીના નમૂનાની તપાસ માટે મોકલી દીધા છે પરંતુ તાન્ઝાનિયાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે કોઇ પ્રકોપના સંકેત નથી. મંત્રાલયે કહ્યું કે બિનજરૂરી ડર ઉભો કરવા માટે કિસાંદૂને સસ્પેન્ડ કરી દીધા છે. આની પહેલાં કિસાંદૂએ તુર્કીની અનાદોલુ એજન્સીને કહ્યું હતું કે દર્દીઓ જેમાં મોટાભાગના પુરુષ છે તેમને પેટ અને અલ્સરની મુશ્કેલી થઇ છે. તેમને સિગારેટ તથા હાર્ડ ડ્રિંકનો ઉપયોગ ના કરવાની કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ટોચના સરકારી કેમિસ્ટ લોહી અને પાણીના નમૂનાની તપાસ કરશે જેથી કરીને મરકરી પ્રદૂષણની તપાસ કરી શકાય. કિસાંદૂ એ કહ્યું કે આ મોતો ઈફૂમ્બોના એક વૉર્ડમાં થયું છે. આ વૉર્ડમાં દાખલ દર્દીઓએ લોહીની ઉલટી કરી અને તેમનું મોત થઇ ગયું. બીજીબાજુ તાન્ઝાનિયાના સ્વાસ્થ્ય મંત્રી ડોરોથી ગ્વાજિમાએ આ આખા મામલા પર ધ્યાન ના આપવાનું કહ્યું છે અને કિસાંદૂને લોકોમાં ડર ઉભો કરવાના આરોપમાં ૧૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધો. સ્વાસ્થ્ય મંત્રીએ મેડિકલ કાઉન્સિલને આખા મામલાની તપાસ માટે કહ્યું પરંતુ આ દાવાને રદ કરી દીધો કે વિસ્તારમાં મહામારી ફેલાઇ છે. ૨૦૧૮ની સાલમાં આ વિસ્તારમાં આ પ્રકારની બીમારી ફેલાઇ હતી. કેટલાંય લોકોને તાવ, ઉલટી અને પેટમાં દુખાવો થયો હતો. બીજીબાજુ તાન્ઝાનિયામાં કોરોના વાયરસને લઇ રાષ્ટ્રપતિ જૉન માગૂફુલી પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે પ્રાર્થનાના લીધે તાન્ઝાનિયામાં કોરોનાનો પ્રકોપ થોભી ગયો છે.

## ખેડૂત આંદોલન: સિંધુ બોર્ડર પર વધુ એક ખેડૂતનું મોત

ન્યુ દિલ્હી,તા.૯

કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન કરતાં વધુ એક ખેડૂતનું મંગળવારે સવારે મોત થઈ ગયું છે. મોતનું કારણ હાર્ટ એટેક જણાવવામાં આવ્યું છે. ઘટના દિલ્હી-હરિયાણા વચ્ચે આવેલા સિંધુ બોર્ડરની છે. મૃતકનું નામ હરિંદર અને ઉંમર ૫૦ વર્ષ છે. તેઓ પાનીપત જિલ્લાના સેવા ગામમાં રહેચા હતા. આ પહેલાં સોમવારે પીજીઆઈ રોહતકમાં એક વૃદ્ધ જવાનનું મોત થયું હતું. તેમને ૧૬ જાન્યુઆરીએ ઠંડી લાગવાના કારણે ટીકરી બોર્ડરથી લાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ટીકરી બોર્ડર પર રવિવારે એક ખેડૂતનો મૃતદેહ બગીચામાં ઝાડ પર લટકતો જોવા મળ્યો હતો. તેમનું નામ કર્મવિર સિંહ હતું. તેમણે સુસાઈડ નોટમાં લખ્યું હતું, ભારતીય કિસાન યુનિયન જિંદાબાદ. મોદી સરકાર બસ તારીખ પર તારીખ આપી રહી છે.

### નવા શ્રમ કાયદામાં કરાશે જોગવાઈ

## ટુંક સમયમાં સરકાર સપ્તાહમાં ફકત ચાર દિવસ કામનો વિકલ્પ આપશે

ન્યુ દિલ્હી,તા.૯

નવા શ્રમ કાયદા અંતર્ગત કર્મચારીઓ માટેના કામના કલાકોને ખૂબ જ લચીલા બનાવવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તે અંતર્ગત કર્મચારી પાસેથી એક સપ્તાહ દરમિયાન મહત્તમ ૪૮ કલાક કામ કરાવવામાં આવે તેવો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. નિયમોને લચીલા બનાવવા માટે એવું થઈ શકે છે કે, જો કોઈ કર્મચારી સપ્તાહમાં ૪ દિવસમાં જ ૪૮ કલાક કામ કરી લે, એટલે કે દરરોજ ૧૨ કલાક કામ કરે તો તેને બાકીના ૩ દિવસ રજા આપી શકાય.

જો કે આ માટે દરરોજ કામના કલાકોની સીમા હાલ ૮ કલાક છે તેને વધારીને ૧૨ કલાકની કરવાની રહેશે. પ્રાપ્ત અહેવાલો પ્રમાણે કેન્દ્રીય શ્રમ સચિવ અપૂર્વ ચંદ્રાએ સોમવારે જણાવ્યું હતું કે, કર્મચારીઓ માટે સપ્તાહ દરમિયાન મહત્તમ ૪૮ કલાક સુધી જ કામ કરવાની મર્યાદા નક્કી કરવામાં આવશે.

કંપનીઓને એવી છૂટ અપાઈ શકે છે કે તે આ પ્રમાણે કર્મચારીઓની મંજૂરીથી પોતાના દૈનિક કામના કલાકોમાં ફેરબદલ કરી શકે. મતલબ કે જો કોઈ કર્મચારી ઈચ્છે તો એક જ દિવસમાં ૧૦થી ૧૨ કલાક કામ કરે અને સપ્તાહના ૬ દિવસ કામ કરવાને બદલે ૪થી ૫ દિવસમાં જ પોતાનો ટાર્ગેટ પૂરો કરી લે. તેમાં વચ્ચે ઈન્ટરવલનો પણ સમાવેશ થાય છે.

વર્તમાન જોગવાઈ પ્રમાણે ૮ કલાકના વર્કિંગ અવરમાં કાર્ય સપ્તાહ ૬ દિવસનું હોય છે અને એક દિવસનો અવકાશ મળે છે. પ્રસ્તાવ પ્રમાણે કોઈ વ્યક્તિ ઓછામાં ઓછા અડધા કલાકના ઈન્ટરવલ વગર સતત ૫ કલાકથી વધારે કામ નહીં કરે. કર્મચારીને સપ્તાહના બાકીના દિવસે પેડ લીવ એટલે કે સાપ્તાહિક અવકાશ આપવામાં આવશે. ચંદ્રાએ જણાવ્યું કે, શ્રમ અને રોજગાર મંત્રાલય ટૂંક સમયમાં જ ૪ લેબર કોડના નિયમોને અંતિમ સ્વરૂપ આપશે.

# સમય અને સંબંધની ગતિને સાચવો






આજની દુનિયા વ્યવહારથી તો ઝડપી થઇ જ રહી છે, સાથે જ સમય અને સંબંધો પણ ઝડપથી બદલાઇ રહ્યા છે અને સૌથી મહત્વનું કે સંબંધો ઝડપથી આગળ વધી રહ્યા છે. એક જ ઘરમાં રહેતી બે વ્યક્તિને રજા સિવાય એકબીજાનો ચહેરો જોવાની તક પણ મળતી નથી. 'લાઇફ ઇઝ વેરી ફાસ્ટ' જેવા વાક્યો ઉચ્ચારનાર વ્યક્તિ, જ્યારે તેના મન સાથે વાતો કરે ત્યારે તેને ખાલીપો સતાવે છે.

આવો ખાલીપો દરેકના જીવનમાં ન આવે તે માટે હંમેશા તમારા જીવનસાથીને સમય આપવાનું રાખો. સમય તો પાણીની ગતિએ વહી જ રહ્યો છે અને વહી જ જવાનો છે પણ આ ગતિનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે તમારા હાથમાં છે. સમયનો અભાવ આજે અનેક ઘરને, સંબંધને તોડી રહ્યો છે. પ્રેમથી બંધાયેલો સંબંધ ફક્ત સમયની ફરતી ચાવીથી તૂટવા લાગ્યા છે. આવા સમયને તમે કઇ રીતે તમારા જીવનમાં ઉપયોગ કરી શકો તે દરેક દંપતીએ સમજવું અને જાણવું ખૂબ જરૂરી છે.

દરેક જણ જાણે છે અને સ્વીકારે છે કે તમામ ક્ષેત્રમાં સ્પર્ધાઓ હોવાથી હવે પુરુષ અને સ્ત્રી બંને નોકરી કરતા થયા છે. કામનું ભારણ વધારે અને પગારધોરણ ઓછું હોય ત્યારે ઘરને ચલાવવા અને જીવનજરૂરીયાતો માટે પણ બંને જણાને ઘરની બહાર નીકળવું પડે છે. આવા સમયે જ્યારે તમે બંને વ્યક્તિ જો એકબીજાના જીવનને, ઘરને સાથે ચલાવોછો, તો તમારા મન-હૃદયને માટે પણ થોડો સમય આપો.

ઘરમાં જો ફક્ત પતિ નોકરી કરતો હોય અને અઠવાડિયામાં એક દિવસ રજા રહેતી હોય છે. પત્નીએ પતિના આ દિવસને ખૂબ જ હળવો અને પ્રેમથી ભરી દેનારો બનાવવો જોઇએ. આખા અઠવાડિયાની ફરીયાદો કે જરૂરીયાતો કહીને પતિને એક દિવસ પણ ભારે બનાવવો તે સંબંધમાં દિવાલ ઊભી કરવાનું કામ કરે છે. જ્યારે પતિ આખા અઠવાડિયામાં ઓફિસના કામના બોજમાંથી મુક્ત થવા માટે એક દિવસની રજામાં આરામ કરે ત્યારે તેને પરેશાન કરવાના બદલે તેની સાથે શાંતિથી સમય પસાર કરવો જોઇએ.

સવારમાં ચા-નાસ્તા વખતે પતિ સાથે ઓફિસના કામની વાતો જાણો, તેમના કામમાં અને તેમની આવડતના વખાણ કરો, જેથી તેમને પણ લાગે કે તેમનામાં કોઇ રસ લઇ રહ્યું છે. પતિને વાતવાતમાં જરૂર કહો કે, 'તમે ઘર અને ઓફિસની બંને જવાબદારીઓ કેટલી સુંદર રીતે નિભાવો છો'. આ વાક્ય તેમને ખૂબ જ ગમશે અને તમારા માટે પણ તેમને માન થશે. પતિને મનગમતી વાનગી બનાવો. સાંજે ક્યાંક બગીચામાં સાથે ફરવા જાઓ. તેમને શું પસંદ છે, રજાના દિવસોમાં શું કરવું ગમે છે, આ વાતો જાણો અને આવનારા રજાના દિવસોમાં આ પ્રકારનું પ્લાનિંગ કરીને તેમને સરપ્રાઇઝ કરો. કોઇપણ પતિ ગમે તેટલા કામના બોજમાં રહેતો હશે, પણ જો પત્ની તરફથી તેને શાંતિ અને પ્રેમભરી હુંફ મળે તો તેને કામનું ક્યારેય ભારણ રહેતું નથી. ઘરના કામો જેવાકે ઇલેકટ્રીસીટી બીલ, ટેલિફોન બીલ જેવા નાના-કાર્યો જાતે જ પૂરા કરી દો.

નોકરીયાત પતિએ પણ આખા અઠવાડિયા દરમિયાન એક દિવસ ખાસ ફેમીલી માટે ફાળવવો જરૂરી છે. તમારી પત્ની જો તમારી રોજબરોજની તમામ બાબતોને, જરૂરીયાતોને ખૂબ જ ચીવટ રાખીને સાચવતી હોય તો એક દિવસ તમારે તેને આપવો ફરજીયાત બની જાય છે. જ્યારે પણ રજાનો દિવસ હોય કે ઘરે હો, ત્યારે હંમેશા ઓફિસના કામ કે વાતો લઇને બેસી જવું નહીં. પત્નીને પણ તેના આખા અઠવાડિયાના કાર્યો વિશે, બાળકો વિશે પૂછવું જરૂરી છે. તે કઇ રીતે ઘરનીસંભાળ લે છે અને બધુ ખૂબ સુંદર રીતે રાખે છે, તે કહેવું અને પૂછવું જોઇએ. રોજ નહીં પણ અઠવાડિયે કે પંદર દિવસે પત્નીના કામના વખાણ કરવા જોઇએ. 'તું ન હોત તો કદાચ હું ક્યારેય આટલો ટેન્સ ફ્રી ન રહી શકું', તેવા વાક્યો દ્વારા પણ તમે તેને તમારા જીવનમાં તેનું મહત્વ સમજાવી શકો છો. પતિ-પત્નીએ બંનેએ પોતપોતાની જવાબદારી સમજવી જરૂરી તો છે જ પણ સાથે જ એકબીજા માટેની જવાબદારીમાંથી પણક્યાંય ચૂક ન થાય તેની ખાસ કાળજી રાખવાની જરૂર છે. સાચો સંબંધ સમય પર નિર્ભર છે. તમે એકબીજાને કઇ રીતે કેટલો સમય આપી શકો છો અને જે સમય આપો છો, તેની કેટલી અને કેવી છાપ એકબીજાના મન પર છોડો છો, તે વધારે મહત્વનું છે.

જો પતિ-પત્ની બંને નોકરીયાત હોય, તો તેમને ખૂબ ઓછો સમય એકબીજા માટે મળતો હોય છે. નોકરીના સમય દરમિયાન કદાચ સેટ ન થાય તો ક્યારેક અઠવાડિયે કે મહિને એકબીજા સાથે બેસવાનો સમય આવતો હોય છે. આવા સમયે કેટલીક ખાસબાબતોને ધ્યાનમાં લેવી જોઇએ.

બંનેએ બપોરે લંચ કર્યું કે નહીં તે ફોનમાં મેસેજ દ્વારા પણ પૂછી શકાય છે. તેનાથી તમને એકબીજાની કેટલી ચિંતા છે, તે અનુભવાશે. ક્યારેક ઓફિસેથી ક્યાંય હોટલમાં લંચ સાથે કરી શકાય છે. ઘરે પણ ભેગા થવાનું બહું ઓછું થતું હોય, તો એકબીજા માટે ક્યારેક ફ્લાવર બૂકે કે ચોકલેટ્સ લઇ જઇને કબાટ કે બેડ પર મૂકી શકાય છે. સાથે જ ફૂલોની જેમ હંમેશા મહેકતા રહો કે ચોકલેટ જેવી સ્વીટ સ્માઇલ જાળવી રાખો અથવા કોઇપણ પ્રેમભરી વાત લખીને મૂકી શકાય છે. આ રીતે તમે એકબીજાની સાથે લાગણીથી જોડાયેલા રહેશો. જ્યારે પણ એકબીજા સાથે સમય પસાર કરો, ત્યારે ક્યારેય ઓફિસની વાતો ન કરો. એકબીજા માટે જ સમય ફાળવો. સમય સૌથી કિંમતી વસ્તુ છે.જો પરસ્પરના સંબંધમાં તેનો યોગ્ય ઉપયોગ કરતા આવડી જાય, તો ક્યારેય સંબંધને સમયના વહેણમાં ઘસડાઈ જવા દેવો પડશે નહીં.

## નિમ્નકક્ષાના રાજકારણમાં સાચા નેતા ભૂલાયા

**સરકાર ઈંધણના ભાવ એટલે વધારે છે કારણ કે ફરીથી આપણે ગાડાં યુગ પાછો આવે. સરકાર ગેસના ભાવ વધારે છે કારણકે પાછા ફૂક મારીને ચુલા પર રસોઈ કરીએ. સરકારી નોકરીમાં પરિક્ષાની ફી એટલે રાખે છે કારણકે સૌ પોતપોતાના ધંધા રોજગારમા આગળ વધે (આત્મનિર્ભર). સરકાર મોટો કર એટલે વસુલે છે કારણકે તમે મોટા ઘરમાં નહીં પણ ઝુંપડા બાંધીને રહો. સરકાર વિજળીના બીલમાં સતત ભાવ વધારો કરે છે તેમજ રોશની કર લે છે કારણકે આપણે પાછા ફાનસ યુગ તરફ વળીએ. સરકાર પાણીનો વેરો લે છે કારણકે આપણે પાછા કુવાઓ ખોદીએ. હજુ તો ભાષા ફ્રી છે તહેવારો ફ્રી છે સરકાર એમા પણ કર નાખે તો નવાઇ નહીં. મુક્તપણે શ્વાસ લઈએ છીએ એમા પણ વેરો લેવામાં આવશે. જીડીપી તો ખાલી આંકડાકીય માહિતી આપે છે બાકી દેશ તો ૫૦૦૦ ટ્રીલીયન ઈકોનોમી તરફ આગળ વધી રહ્યો છે. તમને જે ગમે છે એ ટીવીમાં નથી આવતું પણ તમને ધરાર ન ગમતું બતાવવામાં આવે છે. સત્તાને મોહ અને પ્રજા ફક્ત જાણે પ્રેક્ષકોની જેમ તાલીયા તાલીયા કરતી રહેશે. સરકારના કોઈ કામનો જો વિરોધ કરો એટલે દેશ વિરોધી પ્રવૃત્તિ?? સાવ નિમ્ન પ્રકારનું રાજકારણ. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાઓ કરતા રાષ્ટ્રીય મુદ્દાઓ જોર પકડશે. સામાન્ય નાગરિકને સ્પર્શ કરતા મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવામાં આવશે. રોડ રસ્તા, વિજળી, ડ્રેનેજ, પીવાનું ચોખ્ખું પાણી શિક્ષણ આ બધા મુદ્દાઓ પર નહીં પણ બીજા જ મુદ્દાઓ પર ચુટણી યોજાશે અને જીતી પણ જશે......**

**જય શ્રી રામ**

**સારા નેતા તો મળી જશે પણ સાચા નેતા મળવા ખુબ મુશકેલ છે.**

**જય ભટ્ટ..પત્રકાર**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
લેખકો : પ્રવિણા કડકિયા,માયા દેસાઈ,ઘનશ્યામ વ્યાસ,પ્રફુલ્લ પ્રસન્ના,જયશ્રી પટેલ, ડો.અનિરુદ્ધ વ્યાસ,લીના વછરાજાની
યુટ્યુબ ચેનલ: janfariyadnews
(સાહિત્ય સરિતા)

## NOG: 0089
વિષય :મા
શીર્ષક:માયાળું માવલડી
પ્રકાર : ગદ્ય

મમ્મી મારી ખૂબ અનેરી
અદભૂત છે યાદો તારી
ઓ જીવનને બક્ષનારી
આંખલડી છે અમી ભરી !

મમ્મી, જન્મથી બાળપણ અને જુવાની સુધી તારી છત્રછાયા માણી હતી, અનુભવી હતી.
બાળપણમાં ખૂબ મસ્તીખોર હતી. માર પણ ખાધો હતો. પણ તારા પ્રેમની શીળી છાયામાં જિંદગી ખૂબ સુહાની હતી.
હા, ત્યારે એવું લાગતું હતું કે તારા પ્રેમની વર્ષામાં હમેશા ભિંજાતી રહીશ. ખબર છે ને મોટાઈ વિદાય થયા. મજધારમાં હતી ત્યારે તું સહારો હતી. આજે એ સહારો પણ નથી રહ્યો. ખબર છે, હવે શ્રીજીબાવાએ હાથ ઝાલ્યો છે ! હું નહી છોડું, તે છોડશે ત્યારે બસ મુક્તિ પામીશ.
મા, આજકાલ કરતાં ૧૫ વર્ષના વહાણા વાયા. તને ખબર છે, મારું ગણિત પાકું હતું અને છે. વર્ષ , મહિના દિવસ અને કલાક બધું જીભને ટેરવે છે. તને શું કહું, હવે આદત પડી ગઈ છે. તારા આંગણમાં ખેલતી તારી દીકરી હવે જીવનને આરે આવીને, બાકીનું જીવન તારા માર્ગદર્શન પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરી રહી છે.
એક વાતનો ગર્વ હંમેશાં રહ્યો છે, તારા આપેલા ઉચ્ચ સંસ્કાર અને શિખામણ
જીવનમાં દીવાદાંડી બની પથ ઉજાળે છે. મમ્મી ઘણીવાર તારી અને મારી વચ્ચે ગેર સમજૂતી થઈ હશે. મા તરીકે તેં મને કાયમ માફી આપી છે. આજે અંતરથી ફરી એકવાર ક્ષમાની યાચના કરું છું. બાકી તારો પ્રેમ જીવન જીવવા
માટે ખૂબ સહાય રૂપ છે.
મમ્મી તારી એ પ્રતિભાશાળી મૂર્તિ હમેશા આંખ સમક્ષ તરવરે છે. ઠાકોરજી પરનો તારો વિશ્વાસ, મહાપ્રભુજી પરની શ્રદ્ધા કેવા અપાર હતા. તારા વિષે લખવું એ મારી શક્તિની બહારની વાત છે. તેથી ટૂંકાણમાં દિલનાં ભાવ
દર્શાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો છે.
તારી અણસમજ દીકરીનાં પ્રણામ.
પ્રવિણા કડકિઆ હ્યુસ્ટન.અમેરિકા

## NOG SS NO : 0081
વિષય:પિતા
પ્રકાર:ગદ્ય
શીર્ષક: પુરુષ

આપણાં અસ્તિત્વ માટે જવાબદાર એક સ્ત્રી એટલે કે માતા અને પુરુષ એટલે કે પિતા વિશે વિચારીએ તો નતમસ્તક થઈ જઈએ છીએ. આ બે મહાન વ્યક્તિ દરેકનાં જીવન માટે અગત્યની હોય છતાં ફિલ્મ, સાહિત્ય, નવલકથા કે વાર્તામાં માતાનું અદકેરું મહત્વ ગણાવાયું છે.

સમર્પણ એ સ્ત્રીનો સ્વભાવ છે તો સ્વીકાર એ પુરુષની લાક્ષણિકતા છે .એ સ્ત્રી સાથે કદાચ બધી જ વાતો કરી શકે પોતાના દુઃખ દર્દ છુપાવીને .પુરુષ એટલે એક અડીખમ વૃક્ષ જે એક મીઠા ટહુકા માટે સદા ઝંખતું રહે છે. પુરુષ એટલે એક પ્રેમી ,પુત્ર ,પતિ કે પિતા .સ્ત્રી ભલે પુરુષ સમોવડી થવા ,તેનાથી ચડિયાતી થવા પ્રયત્ન કરે પણ પુરુષના સંગાથની, સહવાસની અને સ્વીકારની એને સતત ચાહત રહે છે. એ જ રીતે પુરુષ પ્રધાન સમાજમાં ભલે એની છબી એક મજબૂત વ્યક્તિત્વની હોય ,પણ એને સુદ્ધાં પોતાની લાગણીઓ, ઈચ્છાઓ કે ગમો-અણગમો હોય એ ભૂલાવી દેવાય છે અને એને એક "ટેકન ફોર ગ્રાન્ટેડ ,સુપરમેન"ની જેમ જ જોવાય છે. ઈશ્વરે એનું સર્જન કર્યું ત્યારે એને પણ આકાંક્ષા, સપનાં અને ભાવના આપીને જ પૃથ્વી પર મોકલ્યો ને . ઓફિસ કે ધંધાના રાજકારણ રૂપી સુનામી સામે એને લડવાનું હોય છે અને ત્યાંથી કશું ઘરે ન લાવતાં હસતાં મોંએ જીવવાનું હોય છે .દોસ્તો સાથે પણ જીવનની ઘટનાનુસાર ઘનિષ્ઠતા ઓછી થતી જાય છે તેથી એની ભાવના કે મૂંઝવણ એ કોની સમક્ષ રજૂ કરી શકે? જન્મે ત્યારથી જ "મર્દ કો દર્દ નહીં "જેવી ગ્રંથિ સાથે ઉછરે તેથી હાંફી જાય ત્યાં સુધી એ સહન કરતો જ રહે છે. પુત્ર તરીકે લાડ પામે તો સામે ઢગલો અપેક્ષાઓ મોઢું ફાડી ઉભી હોય." પરણ્યા પછી પત્નીનો નહીં થઈ જતો" તો સામે પક્ષે પતિ તરીકે પત્ની માવડીયામાં ન ખપાવી દે એની ચિંતા. આમ દોરી પર ચાલતા નટની જેમ ભાવના જગતમાં એની પણ કસોટી થાય .બોલ્યા વિના આ બધું સહન કરવું એ જુલમ જ ને.આ સાથે કમાતી કે ન કમાતી પત્ની સાથે આર્થિક પાસાંને સંભાળતા સંભાળતા સંતાનો અને માતા-પિતા સાથે સંતુલન જાળવતાં જાણે પર્વતની ધાર ઉપર ચાલવું. દીકરો હોય કે દીકરી પોતાના સંતાનો માટે એ ફાટેલાં ખિસ્સે નાણાં સાચવવાની કપરી ભૂમિકા ભજવે છે .આ દરમિયાન પોતાના મોજશોખ કે ઈચ્છાઓને એ ઊંચી અભરાઈએ ચઢાવી દે છે. એને પણ ડર લાગે, ચિંતા થાય કે દુઃખ થાય એવું વિચારવું જાણે ગુનો હોય તેમ એ વિના બોલે બધું જ પાર પાડે એવું ગૃહિત ધરાય.

પરિસ્થિતિનો સ્વીકાર પુરુષ સ્ત્રી કરતાં વધુ સરળતાથી કરે છે પણ એની જાહેરાત કે દેખાડો કરવાનું ટાળે છે. કંઈક બદલી નાખવાનાં વિચાર કરતાં એને સ્વીકારી આગળ ચાલવામાં વધુ હિત છે એમ માનતો પુરુષ મૂકપણે સ્વીકૃતિમાં માને છે.

સ્ત્રીઓમાં મૂળભૂત ઈર્ષાનો ગુણ હોવાથી બીજી સ્ત્રીઓ સહકાર ન પણ આપે .પણ પુરુષ બીજાં પુરુષને સહકાર આપવામાં મોખરે રહે છે. સમર્પણ કરવાની વાતમાં પણ સ્ત્રીનાં સમર્પણને અગ્રતા અપાય છે પણ હકીકતમાં વગર બોલે કુટુંબ માટે જ જીવતાં
પુરુષનું સમર્પણ પણ મહાન જ હોય છે .એક જ શર્ટ કે પેન્ટને "ચાલશે ,પછી જોઈશું" કરી ચલાવનારા પિતા કે પતિની કિંમત બહુ મોડી અંકાય છે.

ખરાબ મૂડને સ્ત્રીઓ હોર્મોન અસંતુલનમાં ખપાવી પુરુષો પર થોપે છે ત્યારે યાદ રાખવું ઘટે કે પુરુષોને પણ હોર્મોન્સ હોય છે . તેમનાં પણ સારા ખરાબ મૂડ સાચવી લેવા જોઈએ.

પુરુષ એટલે એક અડીખમ દીવાલ. યાદ રહે દીવાલને પણ કદીક વહાલ પ્રેમમાં ભીંજાવું ગમે છે. ત્યાગ કરવામાં કદીયે પાછળ ના રહેનાર પુરુષને પણ સંવેદના હોય છે .એની ભાવનાઓ દુભાય ત્યારે સ્ત્રીઓની જેમ રોઈ કકળીને નહીં પણ ઓશિકામાં મોઢું છુપાવી વ્યક્ત કરે છે અને ત્યારેય એ તકેદારી લે છે કે ઓશીકુ એના આંસુથી ભીંજાય નહીં.

સંતાનોના સપનાંઓ અને ઈચ્છાઓનું લિસ્ટ એ પોતાની જાતે જ બનાવી લે છે અને એ લિસ્ટ ગજવામાં રાખી પોતાની જાતને એ માટે સક્ષમ બનાવવા હજાર પ્રયત્નો કરે છે.

એના આંસુ જોયા નથી એટલે પુરુષને ખારાશ વિશે ખબર નથી એમ ધારવાનું ?સ્ત્રી સંવેદનશીલ છે એમ કહીએ છીએ કારણકે એ પોતાના અન્યાય, વેદના અને ભાવનાને ગાઈ બજાવી કહી શકે છે પણ પુરુષો સંવેદનહીન તો નથી જ. દીકરીને સાસરે વળાવતાં પિતાને જુઓ તો ખબર પડે એના આંસુઓના મહાસાગર વિશે.

પુરુષની જિંદગી પણ સ્ત્રીની જેમ અનેક પાત્ર ભજવતાં બદલાતી જ હોય છે . ત્યારે એને પણ કેટલું છોડવું પડે છે, કેટલું ભૂલવું પડે છે અને આમ કરવામાં એ કેટલો તૂટી જાય છે. અંદરને અંદર ભંડારી રાખેલી એની આ ભગ્ન ભાવનાઓ એને કેટલી કનડતી હશે એ કોઈ વિચારી શકે ખરું?

આવા વજ જેવી છાતીવાળા પણ ઘરનાંઓ માટે સદા કોમળ એવા પુરુષને પણ સહકાર, સંવાદ, સાથ અને સહકારની જરૂર હોય છે. તે ચાહે છે ફક્ત સ્નેહની અમીવર્ષા જે એની હાંફને વિરામ આપે અને આગળ દોડવાની હામ!

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

---

## NOG SS No : 0013
શીર્ષક: સાસરે વળાવતી વેળા એ દીકરી ને
પ્રકાર : ગદ્ય

આજ નહીં તો કાલે ,મારી દીકરી
તારે જવાનું છે મારાથી દૂર દૂર દૂર...
તારાં સપનાંઓની એક નવી જિંદગી તું શરૂ કરીશ ત્યારે હશે મારા સુવચનોનાં કેટલાક સ્મરણો, જે તારા માર્ગમાં અજવાળું પાથરશે....
શૈશવ વટાવીને ક્યારે મોટી થઈ
અને ક્યારે વિદાય વેળા આવી એ
ખબર જ ન પડી.
કાલની પાલ, આજની રૂપાલી,
આજે અમે આંસુભરી આંખે મૌનમાં કહીએ છીએ કે જાણે - અજાણ્યે કદાચ તને ક્યાંય ,ઓછું આવવા દીધું હોય, ક્યાંક મનદુઃખ થયા હોય, તને ક્યાંક દુભવી હોય તો સમજજે કે દીકરી એ તારા ભલા માટે જ.
તારા લગ્નની આ વિદાય વેળાએ અમ હૃદયમાં ઉદભવતી આ મીઠી વ્યથાને,
શબ્દોનાં સથવારે અર્પણ કરેલ આ
અમૃતબિંદુને તારા જીવન સાગરમાં
સમાવી દે જે.
તારી થોડી શૈશવની યાદ,પ્રેમભરી મસ્તી,નિખાલસ સ્વભાવ,સમજણ, ઘણી બધી પુણ્યાઈ પિયરમાં જમા રાખજે અને બદલામાં આપણે સાથે વિતાવેલી દરેક ક્ષણની આનંદમયી પળનાં સંભારણા સાથે લેતી જજે.
તને શાળાએ ભણવા મૂકી ત્યારે દીકરી, મને ક્યાં ખબર હતી કે એ અર્ધી કન્યા વિદાય હતી,એક પિતા અને પુત્રીનાં વિખૂટા પડવાનો એ આરંભ હતો.
મારી દીકરી તું મોટી થઈ પછી હવે થશે
આ ક્રમનું પુનરાવર્તન, આપણે વિખૂટા પડવાના.
મારા વડલાનો શીતળ છાંયો છોડીને તું
તારી જિંદગીનો એકડો જાતે ઘૂંટવાની. ઘરકામ કરતી વખતે દુનિયાની માતાઓ પોતાની પુત્રીઓ સાથે જે વાતો કરે છે તે જ છે આ સંસારની સૌથી મોટી યુનિવર્સિટી. જે તને કોઈ પાઠ્યપુસ્તકનાં અભ્યાસક્રમમાં નહીં મળે. અને એટલે જ મારી દીકરી, ઘણી વાર મારે તને કશું કહેવું પડતું નથી,કારણકે એમાંનું ઘણુંબધું તો મધુર વાણીમાં તારી માતાએ તને અમૃતની જેમ ઘૂંટડે ઘૂંટડે પીવડાવ્યું હોય છે.
ઘનશ્યામ વ્યાસ " મામા"
કાંદિવલી.મુંબઈ

---

## NGO સાહિત્ય સરિતા(૧)
## NOG SS No.- 39
વિષય -મા બાપ
પ્રકાર - ગદ્ય - સ્વર્ગસ્થ પિતાને પત્ર
શબ્દો / ૨૯૯
શીર્ષક - પિતૃયોગ
પૂજ્ય સ્વ.પિતા

પિતા સ્વરૂપે તમે મળ્યાં એ કેવો સરસ પિતૃયોગ! આજીવન તમે ડગલે ને પગલે મને પડતાં પડતાં સાચવી લીધી, મુશ્કેલીઓનાં તોફાનમાં હંમેશા મારો હાથ પકડી રાખ્યો, ક્યારેય મને હારવા ના દીધી. સંઘર્ષોથી ભરેલી જિંદગીમાં પણ અમને ફૂલની જેમ ખીલવા દીધાં, ખીલીને મ્હેંકવાની તક આપી! આખી જિંદગી તકલીફોની વચ્ચે જીવીને હસતાં રહ્યાં અને અમને પણ જેવી મળી છે એવી જિંદગીને જીવતા શીખવ્યું એ પણ પિતૃયોગ. નાની વયથી જ પરિવારનો બોજો ઉપાડવાની જવાબદારીને હસતાં હસતાં, સતત પરિશ્રમ અને સાદગીપૂર્ણ જીવનથી નિભાવી. ખૂબ ઓછી આવક, બે પાળીમાં નિવૃત્ત થયા ત્યાં સુધીની નોકરી, ન ખાવાનો પૂરતો સમય, ન ઊંઘવા માટે પૂરી રાત્રી, છતાંય અછતનો અમને કોઈ જાતનો અણસાર આવ્યા દીધાં વગર ચાર ભાઈબેનને કોઈ વાતે અધૂરપ ના આવવા દીધી! મૌન રહીને, સમયના પડકારને સતત ઝીલતાં રહીને, પોતાની સઘળી જરૂરિયાતોનું સમર્પણ કરીને બાળકોને પળે પળે ખુશ રાખવાની ખેવના એક પિતા જ કરી શકે!

આજે પણ તમે અને મારી મા જીવનની દરેક પળમાં મારી સાથે જ છો અને રહેશો, એ પળ સુખની હોય કે દુઃખની, તમને બંનેને મેં મારી અંદર મારી હૂંફ બનીને અનુભવ્યા છે. એ છે મારો જીવનયોગ.તમને બંનેને મૃત્યુએ એના સમયે વધાવી લીધા એ મૃત્યુ યોગ.બહુ બધાં યોગ જીવનમાં વ્યક્તિ મા બાપ થકી જ શીખે છે અને જીવે છે એ બાળક અને મા બાપ વચ્ચેનો સ્નેહયોગ.સમય ગમે તેવો હોય પ્રેમ આપવામાં રતીભર ફેર ના પાડ્યો કારણકે તમે માબાપ હતાં એ કેમ ભૂલાય!

જીવનની છેલ્લી ક્ષણ સુધી મારાં જીવવામાં તમારા બંનેનું યોગદાન રહેવાનું જ
તડકા છાંયડાવાળી મારી જિંદગીમાં હંમેશા તમે બંને વડલાની છાયા બનીને રહ્યાં. ઓછી મનસાઓ, ઓછી જરૂરિયાતો, ચાલશે-ફાવશે ભાવશેની સુંદર ભાવના, સાદગી ભર્યું જીવન, અને જીવનભર સતત પરિશ્રમ, છતાંય તમારું સંતોષી જીવન મારી નજર સમક્ષ તરવર્યા કરે છે.

ના અમને ડરવા દીધાં, ના હારવા દીધાં, વૃદ્ધવયે પણ હંમેશા અડીખમ આધારસ્થંભ બનીને ઊભા રહ્યાં.

પ્રણામ અને ખૂબ ખૂબ પ્રણામ, દરેક ભવમાં તમે બંને માથા ઊપરનું છત્ર બનીને મારી સાથે જ રહો એવી પ્રભુપ્રાર્થના.

તમારી ગાંગલી ( ગંગા )
પ્રફુલ્લા"પ્રસન્ના"

---

## NOG SS NO :004
શીર્ષક- માતા-પિતા,
વિભાગ: લેખ

માતા- પિતા એટલે આપણાં અસ્તિત્વની ઓળખ. હા! તે ન હોત તો આપણે જ નહોત.

તેવીએ હસ્તીઓ એટલે ભગવાને તેમનાં સ્વરૂપે આપણી સમક્ષ હાડમાંસનાં ઈશ્વર જ અર્પ્યા છે ! પત્થરની મૂર્તિ પૂજવાં સવારનાં પહોરમાં નીકળી પડીએ છીએ, ત્યારે વિચાર્યું છે કે પેલી આંખોમાં કંઈક પ્રશ્ન હતો, તે જોવા કે પૂછવાં પણ આપણે ઊભા રહેતા નથી.

બાપા, પિતા આપણાં માર્ગદર્શક છે,હા! પુરુષ મક્કમને કડક છે.તે પોતાની ભાવનાને બતાવી શકતા નથી પણ જ્યારે જ્યારે મારા જીવનમાં મે પિતા, ભાઈ,માસા,કાકા,મામા,બનેવી કે મિત્રનાં રૂપમાં પુરુષોને જોયા છે ત્યારે ત્યારે અનુભવ્યું છે કે બોલતા નથી, પણ હક વધુ જ કરે છે.રામ નથી છતાં મળેલ સ્ત્રી કોઈપણ રૂપમાં હોય તો તેને સીતાની છબીમાં જ જોવા માંગે છે.પિતા તરીકે ઘણાં બાપને મે ત્યાગ કરતાં જોયા છે. તેઓને માપ દંડનાં માપથી માપી ન શકીએ. એક જ દાખલો આપીશ મોહનદાસ કરમચંદ ગાંધી,કહેવાય છે
તેઓ એક સારા પિતા ન બની શક્યા ને છતાંય વિશ્વભરમાં બાપુ જ કહેવાયા...કેમ?કારણ એક પિતા તરીકે તેમણે ભારતને જ સંતાન ગણ્યું ને ઘણું ત્યાગ્યું. તેવા પિતાને ન સમજવા માટે તેમનાં સંતાનોનો પસ્તાવો કોઈએ ન જોયો!

માતા, તેના માટે તો કોઈ કાંઈ જ ન બોલી શકે!
માતા તો ગર્ભ ધારણ કરે ત્યારથી જ પોતાનાં સંતાનની ચિંતા કરવા માંડે અને કાળજી પણ. બાળઉછેર માટે ઘણી માતાઓને મેં પોતાની કેરિયર બાજુ પર મૂકી દેતાં જોઈ છે. તેણી તેના કોઈપણ સ્વરૂપને તેમાં બીબામાં ઢાળી શકે છે.હા, કોઈક સ્ત્રીઓ હવે કેરીયર પાછળ કુટુંબ કે કુટુંબ ભાવના વિસરી ચૂકી છે.પણ માતૃત્વની કે વાત્સલ્યની તેની ભાવના મારતા તે શીખી જ નથી ઘણાં કવિઓ ઘણાં કાવ્યો મા પર રચી ગયા છે, કવિ બોટાદકરનું કાવ્ય આજે ગીતાનાં કોઈ પણ અધ્યાય કરતાં ઓછું ન જ ગણાય.

તેમાંની બે જ પંક્તિઓ...
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે
જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.

ભરતી ઓટ આવે નદી-સાગરમાં પણ ક્યારેય માતાનાં પ્રેમમાં તે નહિ જ આવે. માનું કાળજું કાઢી લઈ જતાં દીકરાને ઠેસ વાગતાં કાળજું બોલી ઉઠે છે,"ખમ્મા મારા દીકરા! વાગ્યું તો નથી ને!"આ મા છે.

હું પણ બે દીકરીની મા છું.હું ઘરે મોડી આવતી તો મારી માતા ચિંતા કરતી. હું કહેતી હું મોટી થઈ ગઈ છું.
ત્યારે તેણી કહેતી કે,"તું મા બનશે, તો તને ખબર પડશે."
આવું તો તમે બધાંએ જ સાંભળ્યું હશે.આજે તો હું મારી દીકરીઓની મા પણ અને બાપ પણ છું.મે તેમને સમાજ સાથે કદમ મેળવી ચાલતા શીખવ્યું છે, અટકે તો મારી પાસે આવે છે ,ભૂલ કરે તો હું કડક પણ થાઉં છું તો તેઓથી ઈગ્નોર પણ થાઉં છું.આજે તેઓ સમાજમાં લટી વઢીને પણ સમાજ સાથે ઊભી રહે છે.માટે આ હાડમાંસ રૂપે ઈશ્વર તરફ પૂર્ણ કર્તવ્ય કરશો તો સારા કર્મો પામશો.

હું વૃધ્ધાશ્રમની વિરુદ્ધ નથી.મને તો આનંદ છે. ઘણીવાર કહેવું છે જો મા બાપ ને ત્યાં હમ ઉમ્ર મિત્રો મળે, કંઈક નવું નવું કરવા મળે. લઘુતાગ્રંથીથી બચે.સંતાન આજની દોડતી દુનિયામાં મા બાપને સાથ નથી આપી શકતા. ઘણીવાર મે મા બાપને વાત કરવા માટે તડપતા જોયા છે.તો કેમ ન જાય વૃધ્ધાશ્રમ? સંતાન વિદેશ જઈ રહે છે તો મા બાપનું કોણ તો પોતાની સેવાસશ્રુંસા થાય તેવાં સ્થાને જઈ ન રહે?

માતા પિતા ને સંતાન ત્રણેય સરખા હોય છે. આવા માતા પિતા કે સંતાનોને વગોવવાં કરતાં તેઓ સુખી આનંદી રહી સંસાર ચલાવે તેવી મારી માન્યતા છે.
અસ્તું
જયશ્રી પટેલ..ગ્રુપ મુખ્ય સંચાલક.

---

## NoG SS No:0082
શીર્ષક: "સંતાન ના જીવનમાંમાતા પિતાનુ મહત્વ અને જરૂરિયાત"
વિભાગ: ગદ્ય

જીવનની અવસ્થાઓ,
બાલ્યા વસ્થા,
યુવાવસ્થા,
( યૌ વન અવસ્થા)
વૃદ્ધાવસ્થા,
આ દરેક અવસ્થામાં માતા પિતા એક ક્રીએટર તરીકે પોતાના બાળકોની વિશેષ કાળજી રાખતા હોય છે,
સારા સંસ્કારનું સિંચન,
આધ્યાત્મિક જ્ઞાન,
પૂર્ણ સ્વતંત્રતા,
આર્થિક મહત્તમ યોગદાન,
રુચિકર અભ્યાસ પરત્વે પુત્ર અથવા પુત્રીની ઋચિમાં વિશેષ સમયની ફાળવણી આ બધું પોતાના બાળકો માટે દરેક માતા પિતા ઓછે વત્તે
સંજોગને અનુસાર સમય આવ્યે દેવું કરીને બાળકોનાં વિકાસ અને સમૃદ્ધિ માટે પોતાની અતૃપ્ત ઈચ્છાઓનું બલિદાન આપેછે,
માતા પિતા અને બાળક એક ત્રિવેણી સંગમ જેવુ મહત્વ ધરાવે છે,
આ યોગદાન પેટે માતા પિતા
કોઈ ભવિષ્ય માટે અપેક્ષા કે
માગણીઓ ને અનુમોદન નથી
કરતા, માતા પિતા પોતાના સ્વાસ્થ્યની પણ પરવા કર્યા વગર જે જવાબદારી તેમના ખભે લાદવામાં આવે છે,
તેમાં તેઓ ક્યારેય ઉણાં ઉતરતા નથી,
બાળકોનાં ઉછેર,અભ્યાસ,
અપેક્ષિત જરૂરિયાતોમાં માબાપ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દે છે,
આજની યુવાન પેઢી થોડી
રિઝર્વ,પોતાની અલ્લડ મસ્તી,
ફેશનેબલ જીવન શૈલી, અને
હિસાબી જીવન પરત્વે થોડાં કેર લેસ હોય છે, જે માબાપ પોતાના બાળકો માટે જે સર્વસ્વ અર્પણ કરે છે,
તે સમય તેમના માતા પિતાનાં જીવનમાં ખૂબ નિર્ણાયક હોય છે,
માતા પિતા આર્થિક મદદ, સગવડો, જે સમયમાં પૂરી પાડે છે, તે સમય તેમના માતા પિતાનો જીવન કાળ અતિ મહત્વનો હોય છે, માતાપિતાની પુત્ર પ્રત્યે ફરજ પુત્રની માતા પિતા ને ધ્યાન રાખી ઘડપણમાં સાચવવાની જવાબદારી આ ખૂબ જ જરૂરી છે,
આધુનિક સગવડોનાં સહારે
સંતાનો એ પૂરતાં સજાગ રહી
મા બાપ પ્રત્યે આસ્થા,પ્રેમ, લાગણી, અને તેમનો સામાજિક મોભા ને આંચ ન આવે તેવું વાણી વર્તન હોવું જોઈએ,
જવાબદાર માતા પિતાના જવાબદાર સંતાન બની બાળકોના જીવનમાં જે ભોગ આપ્યો છે તેનું યોગ્ય વળતર દરેક સંતાનોએ આપવું જોઈએ,
જેથી તેઓ તેમના જીવનનાં
બાકી તબક્કામાં માન સન્માન ભેર જીવી શકે,

"માત પિતા છે મહાન
ડગલે પગલેચાલતા શીખવે,
આત્મ પીડાની કોઈ ગ્લાનિ નથી
ફૂલ સદ્રશ્ય બાળ જતન કરે
હાલ ચાલ મનથી પૂછે,
કરકસરથી જીવન ભરી
સૌ સમસ્યા હલ કરે

ડો અનિરુદ્ધ વ્યાસ,
નડિયાદ,સાક્ષર નગરી

---

## NOG. સાહિત્ય સરિતા (૧)
## NOG SS No. 0029
વિભાગ:ગદ્ય
વિષય: મા
લેખ શીર્ષક :
“માડી તારાં નામ છે હજાર”

“માડી તારાં નામ છે હજાર”
નવરાત્રિનાં નવ દુર્ગાનાં નવ નામમાં જે અલૌકિક શક્તિ અને માન છે એ જ અભિમાન અને ગૌરવ - “મા, મમ્મી, મોમ, મમ્મા, આઇ, મધર” શબ્દમાં સાક્ષાત અનુભવાય છે. કઇ સુંદર મીઠી લાગણીઓ ‘માહ્વ શબ્દ સાથે સંકળાયેલી નથી? ‘માહ્વ એટલે એ ઉચ્ચ હસ્તી કે જેની બેહિસાબ મબલખ સલામત સરહદમાં દરેક બાળક બેખૌફ જીવે છે. એના રાજમાં તો એનું પચાસ વર્ષનું બાળક પણ બાળપણનું લાડ મેળવતું રહે છે.
પોતાની કોઇ જ સ્વાર્થી લાગણી કે માંગણી વગર પોતાના સંતાન અરે માત્ર સંતાન જ નહીં પણ આખા પરિવારનું કાળજીપૂર્વક જતન કરે એ ‘મા”.
થોકબંધ કવિતાઓ, જથ્થાબંધ સુવાક્યો, અગણિત વાતો ‘માહ્વ માટે લખાઇ ગઇ. એ બધા જ ગ્રંથ કે સાહિત્યની પણ ઘણી ઉપર ‘માહ્વની હસ્તી બિરાજે છે. બસ મા એટલે ‘માહ્વ.
કોઇ ગૂગલ પણ એનો સાચો અર્થ સમજાવવા સમર્થ નથી.
મમ્મી એટલે બાળક માટે અલ્લાઉદ્દીનનો જાદુઇ ચિરાગ.
મમ્મી એટલે બાળક માટે હાતિમતાઇની પરી.
મમ્મી એટલે બાળક માટે સુપરમેન, બેટમેન.
મમ્મી કંઇ પણ કરી જ શકે.
જરા મનની અંદર ડોકિયું કર્યું ત્યાં જણાયું કે આપણે મમ્મી વિશે લખવા જેટલા મોટા અને મેચ્યોર્ડ થઇ ગયાં પણ તોય મમ્મી શબ્દ બોલીયે ત્યાં તો દિલનાં ઊંડાણમાંથી હાશકારો રગ રગમાં પ્રસરી ગયો.
બસ, જગતની દરેક મા-મમ્મીને અંતરતમ શુભકામનાઓ.
હા, મનનાં એક ખુણે અચૂક એક ડંખ એવી કેટલીક કમનસીબ ‘માહ્વ માટે વાગતો રહે છે કે જે પોતાના સંતાન સાથે રહી શકતી નથી.
ઇશ્વર થોડો ક્રુર લાગે જ્યારે હું વૃધ્ધાશ્રમમાં ઈવેન્ટ કરું ત્યારે એ સંગીત મને બહુ બેસૂરું લાગે છે.
સુખી અને સંપન્ન માતા પિતા માટે આપણી લાગણી તો હોય જ પણ
એ કમનસીબ અને દુ.ખી મા બાપ માટે મારી દિલથી દુઆ કે,
હે પાલનહાર, આવી કરુણતાનું કંઇક નિવારણ કરજે.
અંતમાં બસ સર્વે જનાઃ સુખીનો ભવન્તુ.
લીના વછરાજાની.

## ગત ૨૦૧૫ની ચૂંટણીની સરખામણીએ જિલ્લાઅમાં કુલ- ૪૭,૪૩૦ મતદારોનો નોંધાયેલો વધારો

# જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે કુલ-૪,૪૪,૩૨૨ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે

## જિલ્લાન – તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૫૯૭ અને નગરપાલિકાની ચૂંટણી માટે ૩૭ સહિત જિલ્લાયમાં કુલ- ૬૩૪ મતદાન મથકોએ મતદાન યોજાશેઃ ગત ૨૦૧૫ ની ચૂંટણીની સરખામણીએ વધુ ૫૭ મતદાન મથકો ઉમેરાયા

રાજપીપલા,તા.૯

નર્મદા જિલ્લામાં આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ નર્મદા જિલ્લાો પંચાયત, તાલુકા પંચાયતો, રાજપીપલા નગરપાલિકાની યોજાનારી સામાન્ય ચૂંટણીઓ માટે જિલ્લાપ ચૂંટણીતંત્ર તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલ મુજબ જિલ્લામાં ૨,૧૦,૭૦૧ પુરૂષ મતદારો અને ૨,૦૪,૨૦૪ મહિલા મતદારો તેમજ ત્રીજી જાતિના-૩ મતદારો સહિત કુલ ૪,૪૪,૩૨૨ મતદારો નોંધાયા છે.

આમ, જિલ્લામાં યોજાનારી ઉક્ત ચૂંટણીઓ દરમિયાન જિલ્લામાં નિયત કરાયેલા કુલ ૬૩૪ જેટલા મતદાન મથકો પર યોજાનારા મતદાનમાં જિલ્લામાં ૪,૪૪,૩૨૨ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત ૨૦૧૫ ના વર્ષમાં યોજાયેલી નર્મદા જિલ્લા. પંચાયત તેમજ નાંદોદ, ગરૂડેશ્વર, તિલકવાડા, ડેડીયાપાડા તથા સાગબારા તાલુકા પંચાયત તથા રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે ૨,૦૨,૫૩૪ પુરૂષ મતદારો અને ૧,૯૪,૨૩૯ મહિલા મતદારો તેમજ ૧૧૮ જેટલા સેવા મતદારો તથા અન્ય ૧ મતદાર સહિત કુલ ૩,૯૬,૮૯૨ મતદારો નોંધાયાં હતા. આમ, સને ૨૦૧૫ ની સરખામણીએ હાલમાં ૨૦૨૧ માં યોજાનારી ઉક્ત સામાન્ય ચૂંટણીઓ માટે સમગ્ર નર્મદા જિલ્લા૮માં કુલ- ૪૭,૪૩૦ મતદારોનો વધારો નોંધાયો છે. તેવી જ રીતે ગત ૨૦૧૫ ની ચૂંટણીના ૫૭૭ મતદાન મથકોની સંખ્યામા વધુ ૫૭ મતદાન મથકોની.

ચાલુ માસમાં યોજાનારી જિલ્લાની ઉક્ત ચૂંટણીઓ દરમિયાન જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે તાલુકાવાર નોંધાયેલા મતદારોની સંખ્યા જોઈએ તો નાંદોદમાં ૪૩,૧૫૭ પુરૂષ અને ૪૧,૪૯૮ મહિલાઓ સહિત કુલ- ૮૪,૬૫૫ મતદારો, ગરૂડેશ્વર તાલુકામાં ૩૪,૭૧૩ પુરૂષ અને ૩૧,૯૬૪ મહિલાઓ અને અન્ય ૨ મતદાર સહિત કુલ- ૬૬,૬૭૯ મતદારો, ડેડીયાપાડા તાલુકામાં ૬૫,૮૧૭ પુરૂષ અને ૬૩,૭૬૬ મહિલાઓ સહિત કુલ- ૧,૨૯,૫૮૩ મતદારો, તિલકવાડા તાલુકામાં ૨૫,૭૭૬ પુરૂષ અને ૨૪,૧૬૨ મહિલાઓ સહિત કુલ- ૪૯,૯૩૮ મતદારો, સાગબારા તાલુકામાં ૪૧,૨૩૮ પુરૂષ અને ૪૨,૮૧૪ મહિલાઓ સહિત કુલ-૮૪,૦૫૩ મતદારોનો સમાવેશ થાય છે. જ્યારે રાજપીપલા નગરપાલિકા માટે ૧૪,૪૩૫ પુરૂષ અને ૧૪,૯૭૯ મહિલાઓ સહિત કુલ- ૨૯,૪૧૪ મતદારોનો સમાવેશ થાય છે.

તેવી જ રીતે ગત ૨૦૧૦ ના વર્ષમાં નર્મદા જિલ્લા, પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે નોંધાયેલા મતદારોની વિગતો જોઈએ તો નાંદોદ તાલુકા માટે ૬૫,૮૩૬ પુરૂષ અને ૬૦,૬૬૦ મહિલા સહિત કુલ- ૧,૨૬,૪૯૬ મતદારો, તિલકવાડા તાલુકા માટે ૨૨,૭૧૧ પુરૂષ અને ૨૦,૭૬૭ મહિલા સહિત કુલ- ૪૩,૪૭૮ મતદારો, ડેડીયાપાડા તાલુકા માટે ૪૬,૩૦૯ પુરૂષ અને ૪૫,૩૨૭ મહિલા સહિત કુલ- ૯૧,૬૩૬ મતદારો, સાગબારા તાલુકા માટે ૫૧,૭૪૩ પુરૂષ અને ૫૩,૭૦૬ મહિલા સહિત કુલ- ૧,૦૫,૪૪૯ મતદારો જ્યારે રાજપીપલા નગરપાલિકા માટે ૧૨,૦૮૬ પુરૂષ અને ૧૧,૭૯૦ મહિલા સહિત કુલ- ૨૩,૮૭૬ મતદારો સાથે કુલ- ૧,૯૮,૬૮૫ પુરૂષ અને ૧,૯૨,૨૫૦ મહિલા સહિત જિલ્લામાં એકંદર કુલ- ૩,૯૦,૯૩૫ મતદારોની સંખ્યા નોંધાઇ હતી. તદ્‌ઉપરાંત નગરપાલિકા ચૂંટણી માટે ૫ અને જિલ્લાર-તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૧૦૬ સેવા મતદારો પણ નોંધાયા હતા. નર્મદા જિલ્લામમાં હાલ ફેબ્રુઆરી- ૨૦૨૧ માં યોજાનારી નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ૩૭ જેટલા મતદાન મથકોએ જ્યારે જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો અને તાલુકા પંચાયતની ૯૦ બેઠકો માટે ૫૯૭ જેટલા મતદાન મથકો સહિત સમગ્ર જિલ્લાજમાં કુલ- ૬૩૪ મતદાન મથકોએ મતદાન યોજાશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# નર્મદા જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૦૪ પોઝિટિવ કેસ નોંધાયા




રાજપીપલા,તા ૯

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે તા.૦૯ થી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૦૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૦૯, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૯૭દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૧૮૫૧ નોંધાવા પામી છે.

કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૯૧૧ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૧૮૨૭ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, કોવીદ મા ૦૩ અનેહોમ આઈસોલેશનમા ૧૪ દરદીઓ ઉપરાંત, ભરૂચ ખાતે ૦૧ અને વડોદરા ખાતે ૦૩ દરદીઓ સહિત કુલ-૨૧ દરદીઓ સારવાર હેઠળ છે.આજે RTPCR ટેસ્ટમાં ૦૯ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૨૦૩ સહિત કુલ-૨૧૨ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લા આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૫૦૧૭ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૦દરદીઓ, તાવના ૦૯ દરદીઓ, ઝાડાના ૧૨ દરદીઓ સહિત કુલ-૩૧ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૦૨૮૦ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૩૪૦૮ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીરઃજ્યોતિ જગતાપ, રાજપીપળા

# ફરી એક વાર બીટીપી ભાજપ આમને સામને ઓવૈસીની બેફામ વાણી વિલાસ સામે સાંસદ મનસુખ વસાવા ભડક્યા





રાજપીપળાઃતા ૯

ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં BTPએ AIMIM સાથે ગઠબંધન કર્યું છે. ભરૂચ અને અમદાવાદ ખાતે ૅના છોટુભાઈ વસાવા અને AIMIM અસદુદીન ઓવૈસીએ જાહેરસભા સંબોધી ચૂંટણી પ્રચારનો આરંભ કર્યો હતો. AIMIM અસદુદીન ઓવૈસીએ બન્ને જાહેરસભામાં ભાજપ અને નરેન્દ્ર મોદી તથા અમિત શાહ વિરુદ્ધ બેફામ વાણી વિલાસ કર્યો હતો અને એમની પર ગંભીર આક્ષેપો પણ લગાવ્યા હતા. AIMIM અસદુદ્દીન ઓવૈસીએ તો ત્યાં સુધી કહી દીધું હતું કે ગુજરાત છોટુભાઈ વસાવાનું છે નરેન્દ્ર મોદી કે અમિત શાહનું નહિ. અસદુદ્દીન ઓવૈસીના આ નિવેદન બાદ ખળભળાટ મચ્યો હતો. ત્યારે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ AIMIM અસદુદ્દીન ઓવૈસીને બોલવામાં મર્યાદા રાખવાની સલાહ આપી હતી. એમણે જણાવ્યું હતું કે BTP-AIMIM તો ગાંડા છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં BTP-AIMIM ગઠબંધન વિશે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે એ ગઠબંધનથી કોંગ્રેસને ખૂબ મોટું નુકશાન જશે ભાજપને કોઈ જ ફરક નહિ પડે. એમણે વધુમાં જણાવ્યું હતું કે BTP-AIMIM અલગતાવાદી વિચારધારા ધરાવતી પાર્ટી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ બન્નેવ પાર્ટીનું અસ્તિત્વ ખતમ થઈ જશે, BTP-AIMIM ની કોઈ હેસિયત નથી કે ભાજપને ચૂંટણીમાં હરાવીશકે.

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે ૅ અને અસદુદ્દીન ઓવૈસીની AIMIM બંને ગાંડા છે. તેઓ આવનારી ચૂંટણીમાં હાંસિયામાં ધકેલાઈ જશે. અસદુદીન ઓવૈસીએ ભરૂચમાં જાહેરમાં એમ કહ્યું હતું કે ગુજરાત તો ગાંધીનું અને છોટુભાઈ વસાવાનું છે, નરેન્દ્ર મોદી કે અમિત શાહનું નથી. ત્યારે આ મામલે મનસુખ વસાવાએ જણાવ્યું કે નરેન્દ્ર મોદી વિશ્વફલકના નેતા છે, છોટુભાઈ સીમિત છે તેઓ હજુ ઝઘડિયાથી બહાર નીકળી નથી શકતા. અસદુદ્દીન ઓવૈસીએ બોલવામાં મર્યાદા રાખવી જોઈએ.

અસદુદ્દીન ઓવૈસીને ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિનું જ્ઞાન નથી અને કઈ પાર્ટીને ક્યાં કેટલો જનધાર છે એનો અભ્યાસ પણ કર્યો નથી. તેઓ એક પાગલ વ્યક્તિની માફક કહે છે કે ગુજરાત તો છોટુભાઈ વસાવાનું છે. છોટુભાઈ વસાવાએ અત્યાર સુધી આદિવાસીઓને ઉશ્કેરવા સિવાય બીજું કોઈ કામ કર્યું નથી.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

# મોગર સીમ નજીક ટાયર બદલતા ટેમ્પો પાછળ બીજો ટેમ્પો ઘૂસ્યો, બે મોત

આણંદ,તા.૯

આણંદ તાલુકાના મોગર ગામની સીમમાં નેશનલ હાઇવે નં.૪૮ ઉપર ટાયર બદલાવા ઉભેલ આઈશર ટેમ્પાને રોડ ઉપર પુરપાટ ઝડપે આવતા ટેમ્પાએ જોરદાર ટક્કર મારતા ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ અને ક્લીનરનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું જ્યારે પુરપાટ ઝડપે અથડાયેલા ટેમ્પા ચાલકનું પણ સ્થળ ઉપર જ મોત થયું હતું. આ બનાવ અંગે વાસદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બોરસદ તાલુકાના નાના શેરડી ગામના રબારીવાસમાં રહેતા અરજીભાઈ મેમાભાઈ રબારી ગામના જશવંતભાઈ માસ્તરની કપાસ ભરેલો આઈસર ટેમ્પો લઈને ઈડર જવા માટે નીકળ્યા હતા. તેમની સાથે ત્રણ ખેડુતો દિનેશભાઈ રાવજીભાઈ પઢીયાર, મનહરસિંહ જશવંતસિંહ ઝાલા અને લક્ષ્મણસિંહ છત્રસિંહ પઢીયાર અને ક્લીનર તરીકે ગોકળભાઈ જેઠાભાઈ પઢીયાર આઈસર ટેમ્પો લઈને નેશનલ હાઈવે નં.૪૮ ઉપર મોગર ગામની સીમમાં બીટુ હોટલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટેમ્પોનો આગળનું ટાયર ફાટતા ચાલક અરજીભાઈએ ટેમ્પોને કન્ટ્રોલ કરતા ટેમ્પો રોડની ડીવાઈડર નજીક ટ્રેક ઉપર ઉભો કરી દીધો હતો.

ગાડીની પાર્કિંગ લાઈટો ચાલુ કરી તેઓ ગાડીનું ટાયર બદલવા માટે ગાડીની નીચે ઉતર્યા હતા. અને અરજીભાઈ ગાડીનું ટાયર ખોલતા હતા જ્યારે ક્લીનર ગોકળભાઈ જેક ચડાવતો હતો અને ત્રણ ખેડુતો બાજુમાં ઉભા હતા ત્યારે રાત્રીના ૧૦-૩૦ વાગ્યાના સુમારે પાછળથી પુરપાટ ઝડપે આવતા ટેમ્પોના ચાલકે ટાયર બદલવા ઉભેલા ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારતા ટેમ્પો ખેંચાઈને ડીવાઈડર પર ચઢી ગયો હતો. આ અકસ્માતમાં દિનેશભાઈને માથામાં મનહરભાઈને થાપામાં અને પગમાં ઈજાઓ પહોંચી હતી. જ્યારે ક્લીનર ગોકળભાઈ જેઠાભાઈ પઢીયાર ટેમ્પા નીચે કચડાઈ જતા સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. પુરપાટ ઝડપે પાછળથી અથડાનાર ટેમ્પોના કેબીનનો કચ્ચરગાણ વળી ગયો હતો. ડ્રાઈવર તથા ક્લીનર કેબીનમાં ફસાઈ ગયા હતા. જેમાં ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મતગણતરી માટેની ચૂંટણી પંચે બહાર પાડી એસોપી

ગાંધીનગર,તા.૯

કોરોના મહામારી વચ્ચે યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને ચૂંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ મતગણતરી હોલમાં ૭થી વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં. તમામ સ્ટાફે માસ્ક ફરજીયાત પહેરવું પડશે. સાથે જ હોલને સેનિટાઈઝ કરવો પડશે. થર્મલ ગન રાખવી પડશે. તેમજ યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવાની પણ સૂચના અપાઈ છે. જો મતગણતરી એજન્ટ કોરોના પોઝિટિવ જણાય તો અન્યની નિમણૂંક કરી શકાશે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવું પડશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મતગણતરી માટે ચુંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે. કોરોના સંક્રમણના પગલે માર્ગદર્શિકાનું ફરજિયાતપણે પાલન કરવા જણાવાયું છે. જેમાં મત ગણતરી હોલમા સાત કરતા વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં, જેના કારણે વધારે લોકો ભેગા નહીં થઈ શકે. મતગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે પોતાના માઢે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. મતગણતરી પહેલા હોલને સેનેટાઈઝ કરવો પડશે, એટલું જ નહીં, થર્મલ ઘનની વ્યવસ્થા રાખવા પણ સુચના અપાઈ છે. મત ગણતરી એજન્ટ કોરોના પોઝિટીવ જણાય તો અન્ય એજન્ટ નિમી શકવાની ઓથોરિટી આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવુ પડશે. મત ગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા પણ સુચના અપાઈ છે. કોરોના મહામારીને લઈને ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે અલાયદી ગાઈડલાઈન જાહેર કરી છે અને તેને અનુરૂપ વ્યવસ્થાના આદેશો પણ કરાયા છે. કોરોના મહામારીની વચ્ચે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે, રાજ્યમાં તેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગાઈડલાઈનમાં કે શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન પ્રચાર કરવા સૂચન અપાયું છે. આ સિવાય અનેક નેતાઓ કોરોના સંક્રમિત થયા છે, જેના કારણે કોરોના સંક્રમિત ઉમેદવારોએ ઓનલાઈન પ્રચાર કરવો પડશે. રાજ્યમાં મેળાવડા માટે જિલ્લાના અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ કોવિડ માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જેનું દરેક પાર્ટીએ કડકાઈપૂર્વક પાલન કરવાનું રહેશે. રાજયમાં હાલ કોવિડનું સંક્રમણ ધીમી ગતિએ ચાલી રહ્યું છે, પરંતુ અચાનક તેમાં કોઈ વધારો ન આવે તેના માટે સરકાર કોઈ છૂટછાટ લેવા તૈયાર નથી. કોવિડ સંક્રમણ રોકવા અને નિયમોના પાલન માટે રાજ્ય કક્ષાએથી લઈ નગરપાલિકાઓ અને તાલુકા કક્ષાએ નોડલ ઓફિસરની નિમણૂક કરવાના નિર્ણય કરવામાં આવ્યો છે. આ સિવાય કોઈ પણ ઉમેદવારે ડોર ટુ ડોર પ્રચાર માટે પાંચ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે.

# ધોરણ ૧૦ બોર્ડની પ્રાયોગિક પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ થશે

*ગાંધીનગર,તા.૯*

રાજ્યમાં ધોરણ ૧૦ બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ કરવા બોર્ડ દ્વારા ચૂચના આપવામાં આવી છે. જ્યારે મરજીયાત વિષયની પરીક્ષા શાળા ખાતે લેવાશે. મરજિયાત વિષયની પરીક્ષા ૧૫થી ૧૭ એપ્રિલના રોજ લેવાશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડની વેબસાઇટ પર વિદ્યાર્થીઓની પરીક્ષાના ગુણ મુકવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર કરી દેવાઇ છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૦ મેથી તારીખ ૨૫ મે દરમ્યાન લેવામાં આવશે. ધોરણ ૧૨ સંસ્કૃત માધ્યમ અને ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૭ મેથી શરૂ થશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૦ની પરીક્ષા ૧૦ મેથી શરૂ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાને લઈને છેલ્લા કેટલાય સમયથી ચાલતા અસમંજસ વચ્ચે બોર્ડ દ્વારા ધો-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરાયા બાદ હવે ધો-૧૦ના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરી છે. સ્કૂલો ધો-૧૦ના વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ૫ માર્ચ સુધી રેગ્યુલર ફી સાથે ભરી શકશે. હવે માત્ર ધો-૧૨ સામાન્ય પ્રવાહની ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી બાકી હોઈ સંભવત ૧૫ ફેબ્રુઆરી નજીક તેની કામગીરી પણ શરૂ કરી દેવાશે. રાજ્યમાં કોરોનાના કહેર વચ્ચે માર્ચ-૨૦૨૦થી સ્કૂલો બંધ કરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર જીલ્લામાં લબરમુછીયા ડ્રાઈવરો ખુલ્લેઆમ પેસેન્જર વાહનો ફેરવી રહયાં છે આ બાબતથી જીલ્લા પોલીસ અજાણ કે પછી આ બધુ પણ વહીવટથી ચાલી રહયું છે...? જાગૃત પ્રજાજનો

તમે સૌ કોઈ જાણો જ છો કે દરેક ગામ દીઠ એક એક ગામડામાં આશરે ૨૫ થી ૩૦ પેસેન્જર વાહનો હોય છે તે પેસેન્જર વાહનો વાળા ગમે તેમ પોતાને મનફાવે તેમ વાહનો હંકારી રહયાં છે ઓ તેમની એક ભૂલના કારણે દિવસે ને દિવસે અકસ્માતો થઈ રહયાં છે તેમાં ઘણા નિર્દોશ વ્યકિતઓના જીવ ગુમાવી રહયાં છે છતા સ્થાનિક પોલીસને આ બધુ દેખાતું નથી કે પછી ફકત આ આંધળાઓને દર મહિને હપ્તાની જ પડી છે...? આ થઈ રહેલ અકસ્માતમાં જે નિર્દોશ વ્યકિતઓના જીવ જોખમમાં મુકાઈ ચૂકયા છે તેમની પોલીસને કોઈ પરવા ન હોય તેવું પ્રતિત થઈ રહયું છે ગાંધીનગરમાં જે પેસેન્જર વાહન માલીકો તથા તેમના ડ્રાઈવરો પાસે લાઈસન્સ છે કે નહી તેની તપાસ કરવામાં આવે તો અમારી ચેલેન્જ છે કે ૧૦૦ માંથી ૭૦ %ડ્રાઈવરો પાસે લાઈસન્સ નહી જ હોય...

રાત્રી દરમ્યાન જે ઓવર લોડ ટ્રકો પસાર થઈ રહી છે તમાં મોટા ભાગે જે લબરમુછીયા ટ્રકો ચલાવે છે તેમની પાસે લાઈસન્સ હોતા નથી છતા તેઓ ખુલ્લેઆમ ગાડીઓ હંકારી રહયાં છે અને સૌ કોઈ જાણે છે કે સૌથી વધુ અકસ્માતો ટ્રકો દ્વારા જ થઈ રહયાં છે અને આ અકસ્માતમાં ભાગ્ય જ કોઈ વ્યકિતનો જીવ બચી જાય છે નહી તો સ્થળ પર જ આમ નાગરિકો જીવ ગુમાવી બેસે છે. છતા પોલીસ નિરાંતે બેસી રહે છે તેના પરથી તમોને નથી લાગતુ કે ટ્રક માલીકોનું તમામ પોલીસ સ્ટાફ સાથે સેટીંગ હશે...?

અમોને સ્થાનિક પેસેન્જર વાહનોના ડ્રાઈવરો પાસેથી મળેલ માહિત પ્રમાણે સ્થાનિક પોલીસ સ્ટેશનનો ટ્રાફિક પોલીસ વહીવટદાર આ પેસેન્જર વાહનોવાળાઓ પાસેથી દર મહિને હપ્તો ઉઘરાવે છે અને તે પણ આ પ્રમાણે રિક્ષા વાળા પાસેથી ૨૦૦ રૂપીયા, જીપો ( તુફાન ગાડી,કુજરગાઠી તથા અન્ય) ૪૦૦ રૂપીયા તેમજ ટ્રક વાળા પાસેથી ૧૦૦૦ રૂપીયા તેમજ લકઝરીવાળા પાસે પણ ૧૦૦૦ રૂપીયા તો તમે જ વિચારો કે આપણા ગાંધીનગરમાં તો આવા કેટલા પેલેન્જર વાહનો છે જરા સમય મળે તો ટોટલ મારજો તો તમને ખબર પડે કે ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા વહીવટદારો રાતો રાત કોના રૂપીયાથી લાખો પતિ બની રહયાં છે...?

ગાંધીનગર જીલ્લાના તમામ તાલુકામાં પોલીસ સ્ટેશનો છે તથા તે તાલુકાઓમાં અસંખ્ય પેસેન્જર વાહનો પસાર થઈ રહયાં છે તથા આ વાહનો જાહેરમાં ઉભા રાખી પેસેન્જરો ભરી રહયાં છે તેમજ નો પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્કીંગ કરી રહયાં છે છતા સ્થાનિક પોલીસ સ્ટેશનનો ટ્રાફિક વહીવટ દારો જાણે હપ્તો લેતા હોય તેમ આંધળા બની બેસી રહયાં છે.

**ગાંધીનગર જીલ્લાના તમામ તાલુકામાં જે જે વહીવટદારો વહીવટ ઉઘરાવી રહયાં છે તમામ વહીવટદારોના નામ સાથેનો સંપૂર્ણ અહેવાલ વાંચો અમારા આગામી અંકોમાં**


ટેલીફોનીક બેસણું



સ્વ. મંજુલાબેન હસમુખલાલ આચાર્ય
સ્વ.તા. ૭/૦૨/૨૦૨૧, રવિવાર

અમારા પૂજ્ય માતૃશ્રી સ્વ. મંજુલાબેન હસમુખલાલ આચાર્ય તા. ૭-૨-૨૦૨૧ ને પોષ વદ એકાદશી રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ફકત ટેલિફોનિક બેસણું રાખવામાં આવેલ છે.

-ઃ ટેલીફોનીક બેસણું ઃ-
તારીખ : ૧૬-૦૨-૨૦૨૧, મંગળવાર
સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે

લિ.
હરેશભાઈ આચાર્ય (જાળેશ્વર મહાદેવ પૂજારી)
રાજેશભાઈ આચાર્ય
જયેશભાઈ આચાર્ય
ચંદ્રતારા પરિવાર
Mo. 98242 21565, 91048 45687
રોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ ગીતાજી બેસાડેલ છે.


## ગાંધીનગર સ્વચ્છતા અભિયાનમાં બાળમજુરી કરાવવામાં આવી રહી છે કયાં ગયા બાળમજુરીની કલમો લગાવવાવાળા...? પ્રજા જવાબ માંગે છે.

તમો સૌ કોઈ જાણો છો કે અત્યારના સમયમાં બજારમાં દિવસેને દિવસે મંદી વધી રહી છે માટે અમુક ગરીબ પરિવારવાળા સભ્યોને તો પોતાના નાના બાળકોને પણ મજુરી કરાવવા માટે મજબુર થાય છે ત્યારે આ પરિવાવારને મદદ કરવાના બદલે કોઈ પરિવારનો નાની ઉમરનો દિકરો મજુરી કરવા માટે કોઈ હોટલ કે કોઈ કંપનીમાં જાય છે ત્યારે કેટલાક અધિકારીઓ તે હોટલના કે કંપનીના માલીકને બાળ મજુરી વિરૂધ્ધની કલમો લગાવી જે તે કંપની કે હોટલના માલીક વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી દેવામાં આવે છે તો પછી કયાં ગયા એ અધિકારીઓ...?

**જે જે હોટલો કે કંપનીઓમાં માલીકો દ્વારા બાળમજુરી કરાવવામાં આવી રહી છે તે માલીકો પાસે ઉચ્ચ અધિકારીઓએ કોઈ મોટા સેટીંગો કરી દીધા છે કે શું...?**

**જે જે હોટલો કે કંપનીઓમાં માલીકો દ્વારા બાળમજુરી કરાવવામાં આવી રહી છે તે તમામ બાબતે ફોટા સાથેનો વિગતવાર માહિતી વાંચો અમારા આગામી અંકોમાં...**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK